॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૩૩ ડિસેમ્બર - ૨૦૨૧ રૂા. ૫/૦૦

## દીપાવલી પર્વે દીપોત્સવ, અન્નકૂટોત્સવ, રંગોળી સાથે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના લોગાનું વિમોચન કરાયું.-ભુજ










## ભુજ મંદિરે પધારેલ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આશીર્વાદની પુષ્પમાળા સાથે આવકારતા પ.પૂ. મહંત સ્વામી - ભુજ








નૂતન વર્ષારંભે શ્રી ઠાકોરજી આગળ ધરાવેલ ભવ્ય અન્નકૂટ દર્શન - પ્રસાદી મંદિર, ભુજ











દીવાળી તથા નવા વર્ષારંભે દીપોત્સવ તથા તુલસીવિવાહનું આયોજન - અંજાર



દીવાળીના દિવસે રંગોળી ઉત્સવમાં સહભાગી યુવતી બહેનો - ભુજ




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૦ અંક-૫ ડિસેમ્બર-૨૦૨૧
વર્ષ : ૩૮ - સળંગ અંક-૪૩૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


## અનુક્રમણિકા


| | |
|---|---|
| – તંત્રીની કલમે | ૪ |
| – ગીતા જયંતી – શ્રીમદ્ ભગવદ્ ગીતા અવતરણ | ૫ |
| – શિક્ષાપત્રી | ૭ |
| – ધનુર્માસ | ૯ |
| – અંકોનો ઉપદેશ | ૧૧ |
| – "ગુરુ" નું સ્થાન માનવજીવનમાં અજોડ છે. | ૧૨ |
| – માનકુવામાં લીલાઓ | ૧૩ |
| – ડાકોરમાં પૂજારીઓને શ્રીહરિએ દેવમાં દૈવત | ૧૪ |
| – મુક્તાત્મા શ્રી મુક્તાનંદ સ્વામી | ૧૬ |
| – સંત્સગ સમાચાર-દેશ | ૨૧ |
| – શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર–અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



ઉત્સવો માનવને જીવન જીવવાનું પ્રેરકબળ પૂરું પાડે છે. ઉત્સવો વગરના જીવનની કલ્પના તો કરી જુઓ. ઉત્સવો વગર જીવનરસ સૂકાઈ જાય છે, ઉત્સાહ, ઉમંગ, ઉમળકો, હર્ષ. આનંદ બધું ક્ષીણ થતું જાય છે. પરિણામે નિરાશા વ્યાપે છે. અને માનવ હતાશ થઈ જાય છે. હતાશા નકારાત્મક ભાવને જન્મ આપે છે અને આવા લોકો સમાજ માટે હાનિકારક નીવડે છે. પરિણામે અસામાજિક અનિષ્ટો ફાલેફૂલે છે.

સમાજ માટે ધર્મ અનિવાર્ય છે. ધર્મ સ્વસ્થ, સુદૃઢ, સદાચારી, નીતિમાન, સંસ્કારી, સંવેદનશીલ અને સહકારયુકત સમાજના નિર્માણમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સમાજમાં ધાર્મિક મનોવૃત્તિ હોવી આવશ્યક છે અને ધાર્મિક મનોવૃત્તિ મંદિરોના માધ્યમથી કેળવાતી હોય છે. ધાર્મિક મનોવૃત્તિ કેળવાતાં સંસ્કારો અને સદ્‌ભાવનાઓયુક્ત માનવ પરસ્પર એક બીજાનું સન્માન કરતા થાય છે.

મંદિરોના માધ્યમથી પરંપરાગત ઉત્સવોની ઉજવણી પણ થાય છે અને હરિભક્તો હોંશે હોશેં તેમાં જોડાય છે. તેનાથી ઉત્સાહ, ઉમંગ, આધ્યાત્મિક જ્ઞાન, સદ્‌વિચારો અને નવી ઉર્જાની પણ પ્રાપ્તિ થાય છે. જીવનમાં હર્ષોલ્લાસ અને આનંદનો આવિર્ભાવ થાય છે નિરાશા ખંખખેરાઈ જાય છે અને હતાશા દૂર થાય છે.

આપણા ભુજ મંદિર દ્વારા તો વર્ષોથી સુદૃઢ, સદાચારી, સકારાત્મક, સંસ્કારી, સ્વસ્થ અને સંવેદનશીલ સમાજનું નિર્માણ કરવા મહાઅભિયાન યુવા શિબિરોના આયોજનોથી ચાલી રહ્યું છે. પરિણામે આપણા સંપ્રદાયના યુવાવર્ગે સમાજમાં એક આગવી અને ઊંચી સંસ્કારી છાપ ઉપસાવી છે.

હાલમાં જ આવી શિબિરમાં એક અતિ મહાઉત્સવ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ના લોગો (પ્રતીકાત્મક ચિહ્ન) નું લોન્ચીંગ (પ્રસ્તુતિ) કરાયું. આ પ્રંસગે પરમહંસોની સભામાં હંસની જેમ શોભતા શ્વેત વસ્ત્રધારી યુવકોની ઉપસ્થિતિ અને ગુલાબી વસ્ત્રો પરિધાન કરેલી યુવતીઓથી વાતાવરણ પવિત્ર અને ફૂલગુલાબી બન્યું હતું. આ સભામાં ઉત્સવમાં નાનામાં નાની વ્યક્તિ પણ પોતાની સેવા આપી શકે તેવા આયોજનની રજૂઆત થઈ હતી. તેના અનુસંધાને પૂ.મહંત સ્વામીએ અર્થ અને શ્રમની સેવા અંગે ઉલ્લેખ કરી આ અજોડ મહોત્સવમાં સેવા કરવા તત્પર રહેવા સૌને પ્રેરિત કર્યા હતા. આપણે સૌ આપણી શ્રેષ્ઠ શક્તિઓ અર્પણ કરી આ મહોત્સવમાં મહત્વનું યોગદાન આપવાના સંકલ્પો કરી જીવનને સાર્થક અને ઉર્ધ્વગામી બનાવીએ.

દિવાળીના ઉત્સવો માણ્યા, તુલસીવિવાહનો લહાવો લીધો અને હવે નવા ઉત્સાહ અને ઉમંગભેર ભક્તિના માર્ગે ચાલી શ્રી સહજાનંદ સ્વામીને સમર્પિત થઈએ.

જય શ્રી સ્વામિનારાયણ !

# ગીતા જયંતી – શ્રીમદ્ ભગવદ્ ગીતા અવતરણ

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સ્વાભિપ્રાય જણાવતાં કહ્યું છે કે ભગવદ્ ગીતા મારું આધ્યાત્મ શાસ્ત્ર છે. અતિ પ્રમાણભૂત આઠ સત્શાસ્ત્રનો સ્વીકાર કર્યો છે તેમાં પણ ગીતાનો સ્વીકાર કર્યો છે. ઘણા ભક્તો ગીતાનો નિત્યપાઠ કરતા હોય છે તેનાં જીવનમાં ઉત્પન્ન થતી દ્વિધાઓનો નિર્ણય જલ્દી આવી જતો હોય છે. કારણ કે ગીતા દ્વિધા નિવારક ગ્રન્થ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા વર્ષો પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન પ્રત્યે કહી હતી. કુરુવંશમાં ધૃતરાષ્ટ્ર અને પાંડુ બે ભાઈઓ હતા. ચક્રવર્તી રાજા ભરતના વંશમાંથી કુરુવંશ ઉતરી આવ્યો હતો. ધૃતરાષ્ટ્ર જન્મથી દૃષ્ટિહીન હોવાને કારણે જે રાજસિંહાસન તેમને મળવાનું હતું તે પાંડુને આપવામાં આવ્યું. પાંડુરાજાના પાંચ પુત્રો હતા અને ધૃતરાષ્ટ્રના સો પુત્રો હતા. પાંડુ જ્યારે યુવાન વયે અવસાન પામ્યા ત્યારે પાંચ પાંડવો નાના હતા તેથી દૃષ્ટિહીન ધૃતરાષ્ટ્ર થોડા સમય માટે રાજા થયા હતા. પાંચ પાંડવો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ તથા સહદેવને પણ ધૃતરાષ્ટ્રની સંભાળ હેઠળ રાખવામાં આવ્યા. એ રીતે ધૃતરાષ્ટ્રના સો પુત્રો અને પાંડુના પાંચ પુત્રો એક સમાન રીતે રાજપરિવારમાં ઉછર્યા હતા. બધા રાજપુત્રો દ્રોણાચાર્ય પાસેથી શાસ્ત્ર, શસ્ત્ર, અસ્ત્રની વિદ્યા ભણ્યા અને પિતામહ ભીષ્મ પાસેથી માર્ગદર્શન મળ્યું. આમ છતાં ધૃતરાષ્ટ્રના બધા પુત્રો ખાસ કરીને મોટા દુર્યોધન પાંડવો પ્રત્યે દ્વેષભાવ રાખતા હતા. તેમજ ધૃતરાષ્ટ્ર પણ ઈચ્છતા હતા કે રાજ્ય અધિકાર પોતાના પુત્રોને મળે. દ્વેષભાવને કારણે દુર્યોધને પિતાની સંમતિથી પાંડવોને મારી નાખવાનું અનેક વાર કાવતરું કર્યું પણ વિદુરજી ભગવાન શ્રીકૃષ્ણના કાળજીભર્યા રક્ષણને કારણે મૃત્યુથી ઉગરી ગયા હતા. છેવટે કપટી દુર્યોધને જુગાર રમવા માટે પાંડવોને મજબૂર કર્યા. જુગારમાં દુર્યોધને પાંડવોની પત્ની દ્રૌપદી સહિત સમગ્ર સંપત્તિ ઉપર અધિકાર સ્થાપ્યો. કપટને કારણે દ્યુતમાં હારી જતાં પાંડવોને પોતાના રાજ્યથી વંચિત થવું પડ્યું અને તેર વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો.

વનવાસમાંથી પાછા આવ્યા પછી, પાંડવોએ ન્યાયપૂર્વક દુર્યોધન પાસેથી પોતાનું રાજ્ય પાછું માગ્યું પરંતુ ધરાર ના પાડી દીધી. પાંડવો પ્રજાની સેવા કરવાના કર્તવ્યથી બંધાયેલા રાજકુમારો હતા. તેથી છેવટે પાંડવોએ પોતાનું સમગ્ર રાજ્ય જતું કરીને માત્ર પાંચ ગામ માગ્યાં, તેમ છતાં દુર્યોધને કહ્યું કે સોયની અણી જેટલી ભૂમિ પણ તેમને આપીશ નહીં. આ બધી ઘટનાઓ દરમ્યાન પાંડવો અત્યાર સુધી સહનશીલ રહ્યા હતા. પરંતુ હવે યુદ્ધ એ જ અન્તિમ માર્ગ છે એવી અનિવાર્યતા ઊભી થવા લાગી. અંતિમ વાર શ્રીકૃષ્ણ ભગવાન શાન્તિદૂત બનીને સમાધાન માટે કૌરવોની સભામાં ગયા પરંતુ તેમનું અપમાન કરવામાં આવ્યું. અત્યંત ઉમદા ચરિત્ર ધરાવનાર પાંચ પાંડવો ભગવાન શ્રીકૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા છે એવું જાણી તેમને સન્માન આપતા હતા, પરંતુ ધૃતરાષ્ટ્રના દુષ્ટ પુત્રો તેમને ઓળખી શક્યા નહોતા. તેમ છતાં શ્રીકૃષ્ણ તેમના વિરોધીઓની ઈચ્છાનુસાર યુદ્ધમાં ભાગ લેવા સંમત થયા હતા અને પાંડવોએ શ્રીકૃષ્ણને પોતાના પક્ષમાં સ્વીકાર્યા.

આ પ્રમાણે શ્રીકૃષ્ણ અર્જુનના સારથી થયા અને તેમણે તે સુવિખ્યાત ધનુર્ધરનો રથ હાંકવાની

જવાબદારી સ્વીકારી. આ પ્રમાણે યુદ્ધની અનિવાર્યતા ઊભી થઇ તેમાં ભગવદ્‌ગીતાનું અવતરણ થાય છે તે ઘટના સુધી આપણે આવી પહોંચા છીએ. હવે યુદ્ધનો પહેલો દિવસ આવે છે અને તેમાં બંને પક્ષનાં સૈન્યો કુરુક્ષેત્રની બન્ને બાજુએ યુદ્ધ કરવા ગોઠવાઇ ગયા છે તે સમયે અર્જુને સામેના સૈન્યને જોયું તો તેમાં મારા ગુરુજનો, વડીલો, સંબંધીઓ લડવા માટે આવેલા છે આ દશ્ય જોઇને અર્જુનને મોહ ઉત્પન્ન થાય છે અને પોતાના કર્તવ્ય કર્મનો ત્યાગ કરીને ગાંડીવ ધનુષ્યને નીચે મૂકીને રથ ઉપર બેસી જાય છે, તે સમયે અર્જુનનો મોહ દૂર કરવા અને કર્તવ્ય કર્મમાં પ્રવૃત્ત કરવા માટે શ્રીકૃષ્ણ ભગવાન જે ઉપદેશ આપે છે તેનું નામ શ્રીમદ્ ભગવદ્ ગીતા છે. આ ગીતા શાસ્ત્ર સંઘર્ષની પરિસ્થિતિમાં અવતર્યું છે તેને સંઘર્ષનું શાસ્ત્ર કહેવાય છે. ત્યારે પણ આપણે સંઘર્ષની પરિસ્થિતિમાં હોઇએ ત્યારે શ્રીમદ્ ભગવદ્ ગીતાનું માર્ગ દર્શન લેવું જોઇએ અને જે લે તેને અનેક ઘણો લાભ થયો છે અને આજે પણ થાય છે. કેટલાક મહાનુભાવોએ અનુભવેલા ગીતાના માર્ગ દર્શન વિષે કહે છે.

**ગીતા વિષે મહાનુભાવોનો અભિપ્રાયો**

**અધ્યાત્મનું પ્રેરણા કેન્દ્ર**

સ્વામી સહજાનંદ સ્વયં શિક્ષાપત્રીમાં લખે છે કે - "શ્રીભગવદ્ ગીતા મારું આધ્યાત્મિક શાસ્ત્ર છે." - **ભગવાન શ્રીસ્વામિનારાયણ**

**જીવનનો સાર**

ભગવદ્ ગીતામાં બહુ લાંબી ચર્ચા કરવામાં નથી આવી છતાં પણ જીવનમાં ઉપયોગી બધુંજ ગીતામાં છે. ગીતાથી તમામ મનુષ્યોની પરીક્ષા થાય છે. ગીતામાં જે કંઈ કહ્યું છે તે બધું જ જીવનમાં આચરણ કરી શકાય એવું છે. -**વિનોબા ભાવે**

**મૂલ્યવાન ખજાનો**

ભગવદ્ ગીતામાં મનુષ્યો માટે એક વૈજ્ઞાનિક પદ્ધતિથી આધ્યાત્મિક મુલ્યવાન વચનો છે. તે એક બહુમૂલ્યવાન જ્ઞાનનો ખજાનો છે, જે ક્યારે જુનો થતો નથી અને સદાય મનુષ્યને જ્ઞાનવાન બનાવતો રહે છે. આ જ્ઞાન માત્ર ભારતીય લોકો માટે જ નથી પરન્તુ સમગ્ર વિશ્વના લોકોને ઉપયોગી છે. -**અલ્ડોસ હુક્ષલી**

**કર્મનું રહસ્ય**

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે કોઇ પણ પ્રકારના ફળની ઈચ્છા રાખ્યા સિવાય કર્મ કરવાનું રહસ્ય બતાવ્યું છે. - **સ્વામી વિવેકાનંદ**

**પૂર્ણ માનવબનવાનો સંદેશ**

ભગવદ્ ગીતાનું ભગવાન શ્રીકૃષ્ણે ગાન કર્યું છે. તેમાં આધ્યાત્મિક જ્ઞાન-વિજ્ઞાન, ભગવદ્ ભક્તિનો સંપૂર્ણ સંદેશો આપ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણ જ આ સંસારમાં જે કંઇ દેખાય છે તેના રચયિતા, પાલક અને સંહાર કર્તા છે. તેમાં જે આધ્યાત્મિક જ્ઞાનનો વિકાસ કરીને પરબ્રહ્મ તત્ત્વને જાણી લે છે તે પૂર્ણ માનવ બની જાય છે અને માનવતાનો સંદેશો આપી જાય છે. - **શ્રીમદ્ શ્રીરામાનુજાચાર્ય**

**ગીતા કલ્પવૃક્ષ સમાન છે.**


ભગવદ્ ગીતાના જ્ઞાનથી મારા તમામ જીવનના લક્ષ્યો(ધ્યેયો) પૂરા થઇ ગયા છે. ગીતા વૈદિક-આધ્યાત્મિક જ્ઞાનને શિખવનાર શિક્ષક છે.- **આદિ શ્રીશંકરાચાર્ય**

**અમૂલ્ય ભેટ**

"મારી પાસે મિત્રોને આપવા માટે જો કાંઇ બહુમૂલ્યવાન અને ઉપયોગી ભેટ હોય તો એ છે 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા"- **શ્રીનરેન્દ્ર દામોદરભાઇ મોદી - વડાપ્રધાન - ભારત**

# શિક્ષાપત્રી

**હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી**



**શ્લોકઃ ૯૧**

**વૃદ્ધાવસ્થામાં સામર્થ્ય ચલિતતાનું**
**પૂજાદિક સંચાલન બદલી શકાય**

**સર્વૈરશકતૌ વાર્ધક્યાદ્ગરીયસ્યાપદા અથવા ।**
**ભક્તાય કૃષ્ણમન્યસ્મૈ દત્ત્વા વૃત્યં યથાબલમ્ ॥**

"મારા સર્વે આશ્રિત હોય તેમણે, વૃદ્ધાવસ્થાને કારણે જો પોતાની પૂજાદિક થઈ શકે નહિ , અથવા કોઈ મોટી આપત્તિને કારણે પોતાની પૂજાદિક થઈ શકે નહિ તો પોતાને પૂજવા યોગ્ય જે ભગવાનનું સ્વરૂપ તે બીજા ભક્તને અર્પણ કરીને પછી પોતે પોતાના સામર્થ્ય ને અનુસાર વર્તવું."

"પંચ મહાભૂતના બાવલાના
વલણ અલગ, વર્તન અલગ,
નિત્ય નિયમોની અખંડતા અલગ,
તાલમેલ બેસાડે તે ભક્ત અલગ,"

શિક્ષાપત્રીના આ શ્લોકની આજ્ઞાઓ નિર્ધારિતપણે સ્વીકારેલી જવાબદારીના અનુસંધાનમાં કરાયેલ છે. શ્રદ્ધા વિશ્વાસના સહારે મંદિરમાં નિયમિત આવન જાવન કરતા સર્વે હરિભક્તો અને સત્સંગીઓ ધીમે ધીમે સંતો દ્વારા કે, અન્ય ભક્તોને જોઈને પોતે પણ મંદિરમાં શીખવાડાતા નિત્ય નિયમો પ્રમાણે મૂર્તિમાન પ્રભુમાં ઓતપ્રોત થતાં થતાં તેમની સેવા પૂજામાં બાહ્યાચાર વ્યવહાર અને રોજીંદા જીવનમાં બધું જડબેસલાક ગોઠવીને તેમની મોક્ષગામી સફર તરફ આગળ વધતા જ જાય છે. ત્યાં વખત જતાં તેમની ઉંમર વધતાં લાચારી પરાવલંબન અને અશકતતા અનુભવે છે. ત્યારે સેવા પૂજા ઈત્યાદિકમાંની નિયમિતતામાં વિક્ષેપ પડતો જાય છે. ત્યારે તન મનથી તેઓ મુંઝવણ અનુભવે છે. ત્યારે ખુદ સહજાનંદ સ્વામી મહારાજ જ તેમને વધુ સુલભ વૈકલ્પિતતાને સ્વીકારવા અને છતાં પણ તેમના રગશીયા ગાડાને ગબડાવવા આ શ્લોક દ્વારા માર્ગદર્શન આપે છે...!

"લગે રહો જમે રહો,
શ્રીહરિ પે દઢતા રખે રહો,
હોનેવાલા હોતા રહેગા,
નિયમિતતા કો રખે રહો."

આપત્તિ કાળને ટળાવી જવાની અને સ્વીકારેલ નિયમોને પૂર્ણ પૂર્ણે ન પડાય તો પણ દોષ ન લાગતાં, "બાય પાસ" એટલે કે જીવનમાં તત્કાલીન જરૂરી વળાંક વાળીને આગળ વધતા જ રહેવા તેમના આશ્રિતોને હૈયા ધારણ આપી જ છે. આનું જ નામ છે સંપૂર્ણ, સર્વાંગ અને સર્વ સ્વીકાર્ય આધ્યત્મિક માર્ગ અદનો સત્સંગી પણ જો એકવાર જોડાય તો તેનો બેડો પણ પાર થાય જ....!

"પ્રભુકો ગલે લગાતે લગાતે ,
જબ શરીર હોવે બલહીન,
તો સમજો ,સમય બડા બલવાન હૈ,
નહીં મનુષ્ય બલવાન...!"

શતાનંદ સ્વામી આ શ્લોકને વિસ્તારથી સમજાવતાં જણાવે છે કે, આત્મનિવેદી ભક્તો હોય કે પછી સામાન્ય ભક્તો હોય, બધાયે ભક્ત જનોએ કોઈ

પણ વિકટ સંજોગોને કારણે પોતાથી જો બાહ્ય પૂજા થઈ શકે નહિં, તો પોતાને પૂજવા યોગ્ય જે ભગવાનનું પ્રતિમા સ્વરૂપ હોય કે પછી શાલિગ્રામ હોય એ બીજા યોગ્ય ભક્તોને પ્રાર્થના પૂર્વક અર્પણ કરીને પોતાને તો દેશકાળ અને શક્તિને અનુસારે વર્તવું અને કેવળ માનસિક પૂજા કરીને પોતાના વૈષ્ણવપણાનું રક્ષણ કરવું.

"મન બુદ્ધિ ચિત્ત અહંકાર,
સ્થૂળ શરીરથી ભિન્ન છે યાર,
શરીર થાકયું કરો મન તૈયાર,
થાઓ વૈષ્ણવપણું રક્ષવા તૈયાર."

બરોબર આ જ મુદ્દા પર લઘુહારિત સ્મૃતિનું વિધાન પણ પ્રમાણરૂપ છે.

"જો આરત્તિને કારણે પોતાની પૂજા થઈ શકે નહિં તો વૈષ્ણવોએ કેવળ મન વડે પૂજન કરવું. અર્થાત્ મનથી કલ્પેલા ઉપચારો વડે વિષ્ણુની માનસી પૂજા કરીને પોતાના વૈષ્ણુવપણાનું રક્ષણ કરવું. આવો અભિપ્રાય છે."

આ અદ્‌ભુત વૈકલ્પિક વ્યવસ્થાને કહેવાતા આધુનિક મનો વિજ્ઞાન પ્રમાણે પણ સમજી શકાય છે. એકાદ વર્ષનું નાનકડું અબુધ બાળ ભાષાને શારીરિક ઈશારા આધારિતતાં ને જાણતું જ નથી ત્યારેતે તેને પ્રેમથી બોલાવનારાઓને ટગરટગર જોયા કરશે.

ત્યારે તેનું શકિશાળી મન આસપાસનું સૌનું જ્ઞાન સંપાદન કરતું રહે છે. અજાણ્યાની ઓળખાણ, તેમનાં હાવભાવ ઈત્યાદિ સર્વેનો તેનો ભંડાર તેના મનમાં ઊંડા સંઘરાયા કરે છે. તેની આંખો ફોટા પાડશે મન ભાષા અને ઈશારાઓને ગ્રહણ કરશે. મનો શક્તિનો આ અદ્‌ભુત ઉપયોગ બાળક સ્વયં કર્યા જ કરતો રહે છે. સત્સંગીઓએ પણ આ વાત સમજીને તેમના મનથી જ માનસી પૂજા પાઠ, કીર્તન ભજનમાં ઝબકોળાઈને વૃદ્ધાવ વસ્થામાં પણ શક્તિશાળી બનવાની યુક્તિ શ્રીહરિએ અત્રે બતાવી છે.

હવે જો આ શ્લોકનો ગુઢાર્થ જ્ઞાન આત્મસાત્ થયો હોય તો એ વાત પણ અત્ર નિર્વિવાદ પણે સ્પષ્ટ થાય છે. કે તમામ શાસ્ત્રોમાં ધર્મ ગ્રંથોમાં, નૈતિક ગ્રંથોમાં ભારતમાં ઋષિમુનિઓએ એટલાઈડ સાયકોલોજી એટલે કે વ્યવહારોપયોગી મનો વિજ્ઞાન ઠાંસી ઠાંસીને ભરી ગયા છે. તેને શ્રીહરિ અત્રે સૌના જીવનમાં પુનઃસ્થાપિત કરી રહ્યા છે.

"પ્રત્યેક મૂંઝવણનો ઉકેલ,
શિક્ષાપત્રીના શ્લોક સમજાવે,
રાખી વિશ્વાસ યા હોમ કરી પડો,
ફતેહ સત્સંગીના ચરણ ચૂમશે....!"

**-: અંક ગીત :-**

**ધનુર્માસમાં સૌ મિત્રો વહેલી સવારે પ્રભુની પાઠશાળામાં (ધૂનમાં) જરૂર ભણવા (ધૂન કરવા) પધારજો**

------

ખુલી છે સત્સંગ શાળા રે, ભક્તો ભણવારે આવજો.
પાટીને પેન સાથે લાવજો રે, કોઇ ભણવારે આવજો
ઈશ્વરના નામનો એકણો ગુંટાય છે,
બગડે બંસીવાળા રે, ભક્તો ભણવારે આવજો - ખુલી-૧
ત્રીદેવના નામનો ત્રગડો ગુંટાય છે,
ચોગડે ચતુર્ભુજવાળા રે, ભક્તો ભણવારે આવજો - ખુલી-૨
પરમેશ્વરના નામનો પાંચડો ગુંટાય છે,
છગડે છોગલાવાળા રે, ભક્તો ભણવારે આવજો - ખુલી-૩
સ્વામિનારાયણના નામનો સાતડો ગુંટાય છે,
આઠડે અક્ષરધામવાળારે, ભક્તો ભણવારે આવજો - ખુલી-૪
નારાયણના નામનો નવણો ગુંટાય છે,
દસડે દ્વારીકાવાળા રે, ભક્તો ભણવારે આવજો - ખુલી-૫
વહેલા વહેલા આવજો, મિત્રો સાથે લાવજો,
સંત સમાગમ રાખજો રે, ભક્તો ભણવારે આવજો - ખુલી-૬

# ધનુર્માસ

જે દિવસથી સૂર્ય ધનુર રાશિમાં પ્રવેશે છે ત્યારથી ધનુર્માસ આરંભાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધનુર્માસ એક વિશિષ્ટ માહોલ ઊભો કરે છે. ભક્તિની ઋતુ એમાં ૧૬ કળાએ ખીલે છે.

સત્સંગિજીવનમાં આ માસની ઉજવણી કરવા આ પ્રમાણે આજ્ઞા અપાઈ છે. (સત્સંગિજીવન : ૪/૫૯/૧-૨)

શ્રીનારાયણ મુનિ કહે છે : માર્ગશીર્ષાદિક ત્રણ માસમાં કરવાના મહોત્સવોની વિધિ કહેતા, પ્રથમ ધનુર્માસનો ઉત્સવ વિધિ નિરુપણ કરું છું. સૂર્ય ધનુર રાશિમાં પ્રવેશ કરતાં પ્રાતઃ ધનુર્માસમાં અભ્યાંગપૂર્વક ઉષ્ણ જળ વડે ભગવાનને સ્નાન કરાવીને, વસ્ત્રો પહેરાવીને, તેમની આગળ ઠંડી દૂર કરવા સગડી મૂકવી. પછી ભક્તે સહિત પ્રભુને નિત્યપ્રાપ્ત શૃંગાર કરવા આ પ્રકારે માસ પર્યંત પ્રતિદિન કરવું. સંપ્રદાયની પરંપર મુજબ ૧ મહિનો ઠોકોરજીના થાળ વહેલા થાય છે.

ત્રણ ઉત્સવોનો સંગમ આ માસમાં થાય છે.

૧. મોક્ષદોત્સવ, ૨.અધ્યનોત્સવ, ૩. વન મહોત્સવ. આ ત્રણેય પર્વનો મહિમા જાણતા પહેલાં સ્વામિનારાયણ મંદિરમાં આ ત્રણ ઉત્સવ કેવી રીતે ઉજવાય છે તે જોઈએ.

મોક્ષદોત્સવ ભગવાનને વિવિધ પ્રકારના નૈવેધ અર્પણ કરીને ઉજવાય છે. જ્યારે અધ્યયનોત્સવ ભગવાન વિવિધ પ્રકારના ગ્રંથો, પુસ્તકો પસ્તુત કરવામાં આવે છે. અને વન મહોત્સવની સ્મૃતિ પશુ-પક્ષીના રમકડાં મૂકીને કરવામાં આવે છે.

ધનુર્માસમાં પ્રભુ ભક્તિનો મહિમા ખૂબ હોય છે. આમ તો આ દિવસો કમૂરતાના ગણાય છે. છેક ઉત્તરાયણ સુધી ચાલનારા પર્વ દરમ્યાન કોઈ પણ પ્રકારના શુભ વ્યવહારિક કાર્યોનો નિષેધ છે. આ સુવિધા પાછળ પણ આપણા શાસ્ત્રકારોની શુભ દષ્ટિ છે. ટીવીના રીમોટમાં જેમ "Paste" બટન હોય છે, તે દબાવો એટલે ટી.વી. એટલા સમય પૂરતું વિશ્રામ અવસ્થામાં જતું રહે.ધનુર્માસ પણ સંસારી જીવો માટે Paste બટન જેવું કામ કરે છે. આખું વર્ષ ભરપેટ વ્યવહાર કરીને થાકેલા જીવ માટે ધનુર્માસ વ્યવહારમાંથી નિવૃત્ત થઈ પ્રભુ સ્મરણ, કીર્તન અને કથા શ્રવણમાં વીતાવે તો ફરીથી અંતર નવી દિવ્ય ઉર્જા વડે ભરાઈ જાય.

ધનુર્માસને શુભ કર્મ માટે અમંળગ ગણેલો છે. પણ ભક્તો માટે આ માસ દરમિયાન મંગલમય ભગવાનના દર્શન અને કથા-કીર્તનનો અદ્ભુત લ્હાવો છે. સવારે ૫-૧૫ વાગે જ ધૂનની રમઝટ વડે બ્રાહ્મ મૂહુર્તમાં સમગ્ર અસ્તિત્વ જાણે દિવ્યતાના વાઘા પહેરી લે છે. મંગળા આરતીમાં આ દિવસોમાં ભારે ભીડ જામે છે. આ માસમાં કરેલું મંગળા દર્શન જન્મમરણની ઉપાધી ટાળી દે એવું તાકાતવાન હોય છે. કથાવાર્તા, દર્શન, ધૂન, સ્મૃતિ, સેવા... ધનુર્માસના આ અવિભાજ્ય અંગો છે.

આ માસ દરમ્યાન સૂર્યનો ધનુર રાશિમાં પ્રવેશ થવાથી દિવસો ટૂંકા બને છે આથી શ્રીકૃષ્ણને ગાયો ચરાવવા પ્રાતઃકાળે ગાયોને વહેલા લઈ જવી પડે છે. આ ભાવનાથી વૈષ્ણવોમાં ભગવાનને વહેલા ઉઠાડી રાજભોગ ધરાવી દેવામાં આવે છે. જેથી ગાયો ચરાવવા જવામાં મોડું ન થાય. સાથે સાથે ભગવાનને ભાથા રૂપે વિવિધ પ્રકારના મેવા પોટલીમાં મૂકી આપવામાં આવે છે.

શ્રીનાથદ્વારામાં તો સૂર્યોદય પૂર્વે જ આરતી થઈ જાય છે. તે સિવાયના દરેક વૈષ્ણવ મંદિરમાં રાજભોગ સવારે સાડા સાત વાગે પૂર્વે ધરાવી દેવામાં આવે છે.

ભારદ્વાજ સંહિતા અને પંચરાત્રમાં બ્રહ્મહંસ સંવાદમાં કુલ છ અધ્યાયોમાં આ માસની વિશેષતા વર્ણવી છે.

આ માસમાં બ્રાહ્મણ અથવા વૈષ્ણવો ભોજન

અર્થાત્ ભક્તોને જમાડવાનું માહાત્મ્ય કહ્યું છે.

આ અંગેની સુંદર કથા આ મુજબ છે : શ્રીકૃષ્ણ ભગવાને એકવાર યુધિષ્ઠિરને આજ્ઞા કરી કે તું સ્વયં પાકા બ્રાહ્મણને જમાડ અને જમાડ્યા પછી તેની એંઠી પત્રાવલિ ઉપાડીને તે સ્થાનને સાફ કરવાની સેવા કર.

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની આજ્ઞા પાળી એક પવિત્ર બ્રાહ્મણને જમાડ્યો. બ્રાહ્મણ જમી લીધા પછી તે પત્રાવલિ યુધિષ્ઠિરે ઉપાડી. ત્યાં આશ્ચર્ય થયું. જેવું પત્રાવલું ઉપાડ્યું કે તરત ત્યાં બીજું પત્રાવલું આવી ગયેલું. બીજું ઉઠાવ્યું તો ત્રીજું ત્યાં તૈયાર હતું. આમ ૧૦૦૦ પત્રાવળા ઉપાડ્યા. આવું પરમ આશ્ચર્ય જોઈને ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું, ''ભાવ એક સાચા બ્રાહ્મણ ભક્તને જમાડ્યો, તો એક હજાર બ્રાહ્મણ જમાડવાનું ફળ છે.''

મકર સંક્રાતિ સુધી ત્રણ ઉત્સવ દ્વારા ધનુર્માસમાં ભક્તિ અદા કરવામાં આવે છે.

૧. અધ્યયન મહોત્સવ, ૨. મોક્ષદોત્સવ, ૩. ઉત્સવવિધિ.

૧. અધ્યયન મહોત્સવ : પંચરાત્રમાં આ મહોત્સવનું સુંદર વર્ણન છે. જે આ મુજબ છે.

ભગવાનની મૂર્તિને મંડપમાં પધરાવી પૂજન કરી તેમની પાસે ચારેય વેદો તથા વેદાંગોનો પાઠ કરવો.

ધનુર્માસ દરમ્યાન દરરોજ સૂર્યોદયવેળાએ મુદ્‌ગાન્ત (મગની દાળનું મિષ્ઠાન : શીરો) તથા પાયસાન્ત(દૂધની મીઠાઈઓ) ધરાવવું. તે દિવસોમાં ઈષ્ટદેવને મંડપમાં પધરાવી, આ મુજબ દશે દિશામાં ગ્રંથો ગોઠવી અધ્યયન ઉત્સવ કરવો.

ઋગ્વેદ

પ્રાકૃત ગ્રંથો - ઈશાન-પૂર્વ-વાયવ્ય-ધર્મશાસ્ત્રો-સ્મૃતિઓ

અથર્વવેદ-ઉત્તર-ઠાકોરજી-દક્ષિણ-યજુર્વેદ

રામાયણ મહાભારત-અગ્નિ-પશ્ચિમ-નૈઋત્વ-સ્તોત્ર ગ્રંથો

સામવેદ

૨. મોક્ષદોત્સવ : શ્રી પ્રશ્ન સહિંતામાં મોક્ષદોત્સવની સુંદર કથા છે.

એકવાર વડના પાન પર બાળ સ્વરૂપે ભગવાન પોઢ્યા હતા. તે વેળાએ તેમની નાભિમાંથી પ્રગટેલા ચતુર્મુખ બ્રહ્મા ચારે મુખથી વેદો અને સ્તોત્રનું ગાન કરવા લાગ્યા.

આ ગાન દરમ્યાન અભિમાનમાં ચકચૂર થવાથી ભગવાનનું સ્મરણ ન રહ્યું. તે વખતે ભગવાનના બે કાનમાંથી અસુર ઉત્પન્ન થયા અને બ્રહ્માને મારવા દોડ્યા. બ્રહ્મા ગભરાયા. તેઓ પુનઃ ભગવાન વિષ્ણુના શરણમાં ગયા. વિષ્ણુએ બંને અસુરોને અટકાવ્યા ને એક વરદાન માગવા કહ્યું. આની વિપરિત બંને અસુરોએ ભગવાનને કહ્યું કે તમે અમારી પાસે વરદાન માંગો.

આ સાંભળી ભગવાન હસીને બોલ્યા, ''તમારો તો મેં અનેકવાર નાશ કર્યો છે. છતાં મારી સામે થાવ છો?''

આ સાંભળી બંને દાનવોએ ભગવાન સાથે યુદ્ધ કર્યું. આ યુદ્ધ દોઢ માસ ચાલ્યું. બંને અસુર પરાજિત થયા. તેમણે ભગવાનના ચરણ પકડ્યા અને સ્તુતિ કરી કે, ''હે ભગવાન ! અમને તમારા ધામમાં લઈ જાવ.''

ભગવાને બંને અસુરોને ધનુર્માસમાં સુદ પક્ષની એકાદશીએ ઉત્તરદ્વાર ઉઘાડી સત્યલોકમાંથી વૈકુંઠમાં સ્થાન આપ્યું. બંને પ્રસન્ન થયા અને તેમણે ભગવાનને કહ્યું, ''આપના માટે મંડપ બનાવી આ મહિનામાં જે એકાદશીનો ઉત્સવ કરશે અને આપના દર્શન વંદન કરશે તેને ઉત્તર દ્વારથી આપના ધામમાં પ્રવેશ કરાવજો.''

ભગવાને તથાસ્તુની ભાવના કરી. ત્યારપછી આ માસની એકાદશીએ મોક્ષ માટેનો ઉત્સવ કરવામાં આવે છે. તેથી તેને મોક્ષદોત્સવ કરે છે.

૩. વન મહોત્સવ : મંડપમાં બિરાજમાન ભગવાનને પાલખીમાં પધરાવી વનમાં લઈ જવા. ત્યાં નાનો મંડપ બનાવવો. તેને વિવિધ શણગારોથી શણગારવો. ભગવાનની સોળ ઉપચારથી પૂજા કરવી.

# અંકોનો ઉપદેશ

પુરાણી સ્વામી ભક્તિપ્રિયદાસજી

એક ઉપદેશક કથા. વર્ષો પહેલાંની વાત છે, એક શહેરમાં ગણિત શાસ્ત્રી રહેતા હતા. એક દિવસ તેણે બધા અંકોની સભા બોલાવી. તે સભામાં શુન્ય (૦) સિવાયના બધા અંકો સમયસર હાજર થઈ ગયા. પરંતુ શૂન્ય કયાંક સંતાઈ ગયો. ગણિત શાસ્ત્રીએ નજર કરી તો એક સભ્ય ગેરહાજર છે. આજે અગત્યની મીટીંગ હોવાથી એક ગેરહાજર રહે એ બરાબર નહિ. તેથી બધાય અંકોને કહ્યું. તમે સૌ હમણાંજ શૂન્યને જયાં હોય ત્યાંથી શોધીને સભામાં હાજર કરો.

બધા અંકો માલિકની આજ્ઞા લઈ શૂન્યને શોધવા નીકળી પડયા. દૂર દૂર સુધી શોધ કરી પરંતુ શૂન્ય કયાંય નજરે પડયો નહિ. શોધતાં એક ઝાડ પાછળ સંતાયેલ શૂન્ય પર નજર એક અંકની પડી. તરત તેનો હાથ પકડીની કહ્યું ચાલ ભાઈ, સાહેબ તને યાદ કરે છે. આજે અગત્યની મીટીંગ છે. અને તું અહીં બેઠો છે, શૂન્યને પકડી ગણિત સાહેબ પાસે સભામાં લાવ્યા.

ગણિત શાસ્ત્રી રાજી થયા તેણે ખૂબ પ્રેમથી શૂન્યને પોતાની પાસે બોલાવ્યો. માથા ઉપર હાથ મૂકી કહ્યું ભાઈ તું શા માટે સંતાઈ ગયો હતો? અંકોની સભામાં આવતાં તને કોઈનો ડર લાગે છે?

આ સાંભળી શૂન્ય રડતા અવાજે કહ્યું સાહેબ, “હું શૂન્ય છું. લોકોની નજરમાં મારી કોઈ કિંમત નથી. કોઈ મારો આદર કરતું નથી. તેથી હું બહુ દુઃખી છું. તેથી અંકોની સભામાં આવતાં સંકોચ થતો હતો. માટે ઝાડી પાછળ સંતાઈ ગયો હતો.”

ગણિત શાસ્ત્રી વિચાર કર્યા પછી એક અંકને બોલાવી સામે ઊભો રાખ્યો. પછી શૂન્યને પૂછયું. બોલ શૂન્ય, તું આ અંકનું મૂલ્ય બતાવ, શૂન્ય તરત જવાબ આપ્યો એક, હવે તું એકની જમણી બાજુ ઊભો રહે. પછી ત્રીજા અંકને પૂછયું હવે બોલો કેટલા થયા. બધા અંકો બોલી ઊઠયા દશ. ફરી બીજા શૂન્યને પહેલા શૂન્યની જમણી બાજુ ઊભો રાખ્યો. પછી બધાય અંકોને પૂછયું હવે બતાવો  કેટલા, બધાએ એકી સાથે બોલ્યા “સો”.

જેમ શૂન્ય વધતાં ગયાં તેમ તેમ અંકની કિમત વધી, ક્રમશઃ ૧૦, ૧૦૦, ૧૦૦૦, ૧૦૦૦૦, ૧૦૦૦૦૦ લાખ પણ એક હટી જાય તો લાખ નહી રાખ, એવી રીતે ગણિત શાસ્ત્રી શૂન્યને સમજાવ્યું કે તારી કીંમત વેલ્યુ તો છે પરતું એકડો આગળ હોવો જરૂરી છે. એકલા શૂન્યની કોઈ કિમંત નથી શૂન્યને આવાત બહુ ગમી. તેમ સત્સંગમાં માનવ સમાજમાં કુંટુબમાં સાથે રહેવાથી વેલ્યુ વધે છે. એકતામાં માલ છે. તેમ જીવનમાં ભગવાન હોવા જરૂરી છે. ભગવાનને છોડી ગમે તેટલી હોશિયારી, ડહાપણ ચાતુરી કરીએ એ બધી નકામી છે. જેમ શરીરની તાકાત, રૂપતા, બુદ્ધિ એ સર્વે આત્માને આભારી છે. દેહમાં  આત્મા ન હોય તો એંકડા વિનાનાં મીંડા. નિષ્કુળનંદ સ્વામીએ કાવ્યમાં લખ્યું છે,

**ચોપાઈ:-**

**જેમ સો સો શૂન્ય સારાં કરે,**
**પણ અંક ન કરેજો આગળે,**
**તો સરવાળો શાનો મળશે,**
**કેવળ કાળપ કરે છે, કાગળે, ॥**
**તેમ એક પ્રભુને પરહરિ, કોઈ કરે ચતુરાઈ કોટ,**
**જેમ માથાફર ચાલે માર્ગે, જેમ જેમ ચાલે તેમ ખોટ ॥**

એકડાને ઠેકાણે ભગવાન છે. માટે જીવનમાં પરત્માને મુખ્ય રાખવા એજ જીવનની સાર્થકતા છે. આ વાતમાંથી બોધ લેવાનો છે.

# "ગુરુ" નું સ્થાન માનવજીવનમાં અજોડ છે.

રમણ ગજ્જર, અમદાવાદ

સ્કંદપુરાણમાં લખ્યું છે કે, "ગુ" શબ્દનો અર્થ છે "અંધકાર" અને "રુ" શબ્દનો અર્થ છે "તેનો નાશ કરનાર." આમ અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરનારને "ગુરુ" કહેવાય છે.

ગુરુ વગર ચાલે નહિ. ભગવાન શ્રી રામને પણ ગુરુ હતા. ભગવાન શ્રીકૃષ્ણને પણ ગુરુ હતા.

આપણે સૌ મહા ભાગ્યશાળી છીએ, કારણ કે આપણને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ જેવા મહાન ગુરુની પ્રાપ્તિ થઈ છે. તેથી તો કહ્યું છે કે, "ગુરુ ગુરુ તો સૌ કહે પણ ગુરુ એક "સહજાનંદ" પ્રગટ મળ્યા અને હાથજ ઝાલ્યો તેનો છે આનંદ ભાઈઓ! તેનો છે આનંદ."

ગુરુની શા માટે જરૂર? તેનો જવાબ છે કે ગુરુ વિના કલ્યાણ થાય નહિ. કારણકે શાસ્ત્રો લખે છે કે, ગુરુ તો સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ છે. ગુરુ શિષ્યને શુદ્ધ કરીને ઈશ્વરનો યોગ કરાવે છે. ધરતી ઉપર જન્મ લેનાર બાળકના પ્રથમ ગુરુ તેના માતા પિતા છે, જેને સંસ્કાર-ગુરુ કહેવાય છે. શિક્ષણ આપનાર શિક્ષકને પણ શિક્ષા ગુરુ કહેવાય છે. અને ભવભવના બંધનથી જે મુકત કરે તેમને ગુરુ કહેવાય છે. ધર્મના ગૂઢ રહસ્યો માત્રને માત્ર ગુરુ જ બતાવે છે. શિષ્યમા છુપાયેલી યોગ્યતાને બહાર લાવવાનું કામ ગુરુ કરે છે. યાદ રાખો કે, ગુરુનું આભા મંડળ શિષ્યની અહર્નિશ રક્ષા કરે છે.

માનવ સહજ દોષો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા, તૃષ્ણા વિગેરે વિગેરે દૂર કરવા માટ ડગલે અને પગલે શિષ્યને ગુરુના માર્ગ દર્શનની જરૂર પડે છે. શિષ્યની આંગળી પકડીને સદ્‌માર્ગે ચલાવવાનું કાર્ય માત્ર ગુરુ જ કરે છે.

આપણી ભારતીય સંસ્કૃતિ આપણો સનાતન હિંદુ ધર્મ અને આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ ગણાય છે. શ્રીહરિનું સ્વરૂપ એવા આપણા આચાર્યો અને સંતો ગુરુનું કર્તવ્ય રાત્રિ દિવસ બજાવે છે. તેના કારણ તો આપણી સૌની ઉજળામણ છે.

હૃદયમાં નોંધી રાખવા જેવી આ બાબત છે કે, "ભગવાન નારાજ થાય તો ગુરુ આપણું રક્ષણ કરે છે, પણ જો ગુરુ નારાજ થાય તો રક્ષણ કરનાર કોઈ નથી." માટે ગુરુનો અપરાધ આપણે ન કરી બેસીએ તેનું સાવધાન પણ રાખું જોઈએ.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, "ગુરુની કૃપા હોય તો શિષ્ય કોઈ પણ ગ્રંથ વાંચ્યા સિવાય પંડિત થઈ શકે છે." આ છે ગુરુનું સામર્થ્ય એ ગુરુના ચરણમાં તો સહસ્ર કોટિ વંદન જ કરાય.

ગુરુ પાસે દીક્ષા લીધા બાદ સતત તેમના વિચારો સાથે જોડાઈ રહેનાર જ સાચો શિષ્ય કહેવાય છે.

ગુરુના આશીર્વાદ વિના શિષ્ય આત્મસાક્ષાત્કાર કરી શકતો નથી જ અને સાચી પ્રભુ ભક્તિ પણ કરી શકતો નથી. તેથી જ તો ગુરુ પૂર્ણિમા વ્યાસ પૂર્ણિમાના પરમ પર્વે આધ્યાત્મિક જયોતને પ્રજવલિત કરવા ધર્મલાભ લેવા માટે ગુરુ પાસે પહોંચી જવું જોઈએ તે શિષ્યનું પરમ કર્તવ્ય છે.

ગુરુના રત્ન કિરણોને પામવા માટે વારંવાર ગુરુના આશ્રમમાં ગયા વગર ચાલે નહિ અને ગુરુના આશ્રમના સંચાલન માટે તન મન ધન અને ધગશથી તત્પર રહેનાર શિષ્ય જ ગુરુની કૃપાને અધિકારી બનવા માટે પાત્ર ગણાય..... બીજા નહિ.

# માનકુવામાં લીલાઓ

રાધાબેન ગોળવિયા- સુરત

માનકુવામાં શ્રીજી મહારાજ વિરાજતા હતા ત્યારે ત્યાનાં અબોટી બ્રાહ્મણ ડાહી બાઈએ શ્રીજી મહારાજને જમવા આમંત્રણ આપ્યું. ત્યારે શ્રીજી મહારાજ બ્રહ્મચારી પાર્ષદોને લઈને તેને ઘેર જમવા પધાર્યા અને ઓસરીમાં આસન હતું તે ઉપર બિરાજયા ત્યાં મહારાજે ઓરડામાં દૃષ્ટિ કરી તો ઓરડામાં ઘણાં જ લોકોના લાકડા લોખડનાં પૂતળા સિંદૂર લગાવેલા દીઠાં. તે જોઈ પછી શ્રીજી મહારાજ બોલ્યા હે ડાહીબાઈ આટલા બધા દેવલા તારે છે ત્યાં અમારું શુ કામ છે? એટલા માટે અમો તારે ઘેર નહિ જમીએ. અમો અમારે મુકામ પાછા જઈશું. ત્યારે તે ડાહીબાઈનો પતિ વિપ્ર લવજીએ કાકલૂદી કરી કહે મહારાજ શા માટે ચાલ્યા જાવ છો શ્રીહરિ કહે અમોને પાખંડ ગમતું નથી પાખંડી સાથે અમારે બને નહીં. કાં અમોને રાખો ને કાં દેવલાને રાખો ત્યારે લવજી કહ્યું મહારાજ તમે જેમ કહેશો તેમ કરીશ. મહારાજ કહ્યું સારું પણ તમારે માથે વાળ છે તે ઉતરાવી નાખો. જંત્ર મંત્ર પાખંડ કાંઈ કરવું નહીં. ધૂણવું નહી. તારા મંત્ર જંત્ર આજથી ખોટા થઈ ગયા પછી લવજીને મહારાજ કહે ઓ બધા તમારા દેવલાને ગાંસડી બાંધી જળમાં પધરાવી આવો. તેમ કર્યું. પછી મહારાજ જમ્યા. અને પછી વાળંદને બોલાવી વિપ્રના વાળ ઉતરાવી નાખ્યા. નાહી ધોઈ વર્તમાન ધરાવ્યા અને પાકા સત્સંગી કર્યા.

માનકુવામાં ગામથી પશ્ચિમ વિચેન્દ્રસર તળાવ હતું. ત્યાં મહારાજ સંતો ભક્તો સાથે દરરોજ સ્નાન કરવા જતા નદીના કિનારે એક મારવાડ નામે વાડી આવે છે. ત્યાં નદીના કિનારે ભેખડ હતી તે ઉપર બેસીને કહ્યું કે આપણે આ ભેખડ ઉપરથી નદીમાં કૂદકા મારીએ પ્રથમ શ્રીહરિ કૂદયા તો ૧૩ હાથ છેટ પડયા પછી સાધુ, સત્સંગી સહ વારા ફરતી કૂદયા કોઈ ૧૦ હાથ કોઈ ૯ હાથ કોઈ ૮ હાથ તેમ મહારાજથી ઓછું કૂદયા શ્રીહરિના જેટલું દૂર કોઈ કૂદી શક્યા નહીં તે જોઈ મહારાજ હસીને કહેવા લાગ્યા તમારાથી કોઈ અમારા જેટલું કૂદયા નહીં અમો સહથી અધિક કૂદયા છીએ ત્યારે સંતો ભક્તોએ કહ્યું કે હે મહારાજ આપ મોટા છો તો મોટાનું કૂદવું મોટું કૂદવુ જ હોય ને અમારું શુ ગજું છે. અમો નાના અમારું કૂદવું નાનું હોય આ સાંભળી મહારાજ હસ્યા પછી ફરી તળાવમાં પ્રવેશ કરી ડૂબકી દાવ, રમી જલક્રીડા કરી સૌને આનંદ આપ્યો.

એક વખત શરૂઆતના દિવસોમાં મહારાજ ભુજનગરથી માનકુવા, પધાર્યા નાથા સુથારને ઘરે ઉતર્યા ને તેના ઘરે ચાર શેર લીલા મરચાં પોતે ખાંડીને કઢીમાં નખાવીને જમવા બેઠા. બાઈ પીરસવા લાગ્યાં. જેટલી કઢી પીરસી તેટલી બધી કઢી મહારાજ પી ગયા. પછી બાઈએ કઢી પીરસી નહીં. વધુ મરચાં હતાં રખેને મહારાજને વસમું લાગે. પછી મહારાજ જમીને તરતજ ચાલવા તૈયાર થયા બધા ભાગોળે વળાવા ગયા. બાઈ પણ ભાગોળે વળાવા આવ્યાં હતાં. તેણે ભાગોળે મહારાજને કહ્યું કે હે મહારાજ આપ માનકુવામાં ઘણા દિવસ રોકાશું તેમ કહ્યું હતું ને તરતજ જવા કેમ તૈયાર થયા. ત્યારે મહારાજ કહે તમોએ અમોને બધીજ કઢી જમાડી નહીં. કઢી સંતાડી રાખી પૂરી જમાડી નહીં. માટે અમો નહીં રહીએ અને જો તમારે અમોને રોકવા હોય તો વધેલી સંતાડી રાખેલી કઢી ફરી બધીજ જમાડો તો અમો પાછા આવીએ રોકાઈએ. બાઈ કહે મહારાજ આપને વસમું લાગે તેથી મેં બધી કઢી આપને જમાડી ન હતી. તે અર્ધી કઢી ભદુડામાં (માટલામાં) રાખીને કોઠલામાં મૂકી રાખી છે. પછી મહારાજ પાછા પધાર્યા બાઈએ બધીજ કઢી જમાડી અને પછી ૧૫ દિવસ વધુ ત્યાં મહારાજ રહ્યા અને સર્વે સત્સંગીઓની રસોઈ લીધી અને આનંદ પમાડયા.

# ડાકોરમાં પૂજારીઓને શ્રીહરિએ દેવમાં દૈવત બાબતે પૂછેલ પ્રશ્ન!!!

રસિકભાઈ ગોળવિયા, સુરત

શ્રીજીમહારાજ ભુજનગરથી સિદ્ધપુર થઈ ચરોતર પ્રદેશમાં પધારતા રસ્તામાં આવતા ગામ ઉમરેઠથી ડાકોર રણછોડરાયના દર્શન કરવા પધાર્યા રણછોડરાય મંદિરમાં દેવ સેવામાં ઘણીજ અનીતિ જોઈ. જે દેવની પૂજા કરનારા વિપ્રો દેવની મર્યાદા રાખતા ન હતા તો આ વાત મહારાજને ડાકોરમાં પૂજારીના વર્તનની અંતર્યામી ખ્યાલ આવી ગયેલો.

એકતો ગૃહસ્થ બ્રાહ્મણ, સરકાર મંદિરનો વહીવટ ચલાવે વળી પાછા ભાઈઓ ભાગના (ઝાઝા કુંટુંબ હોય બ્રાહ્મણના) અમુક અમુક દિવસના વારા હોય અમુક ભાગમાંથી સરકાર પૈસા લેતી હોય. અમુક ભાગજ તેઓને મળતા હોય તેથી લોભ લાલચ રહેતી હોય. ત્યાં ડાકોરમાં ત્યાં જે ધનાઢપ સ્ત્રીઓ દર્શન કરવા આવતી તેઓ જે અતિધનાઢય દેખાતા હોય તેના હાથ પકડીને ને સ્ત્રીકે પુરુષના બ્રાહ્મણ પૂજારી મૂર્તિ પાસે પૂજા- દર્શન કરાવવા લઈ જતા. તેઓ દર્શનનો મૂર્તિના સ્પર્શનો લોભ દેખાડી મનમાની કરતા હતા. વિશ્વાસુ કે ધાર્મિક ભાવનાવાળી  સ્ત્રીઓ તેના મનના પાપને સમજતી નહીં. પૂજારીમાં વિશ્વાસ રાખતી પાપથી છૂટવા પૂજારીમાં ભાવિક દર્શનાથી પુરુષ કે સ્ત્રીઓ પૂજારીમાં વિશ્વાસ રાખતા એટલે પૂજારી ત્યાં કુત્સિત વર્તન કરતા. સ્ત્રી પુરુષો એક બીજામાં અથડાતા સ્પર્શ વિવેક મૂર્તિ આગળ રહેતો નહિ.

આથી સહેજે શ્રીહરિએ દર્શન કરી પૂજારીને ઘણાંજ પ્રશ્નો પૂછ્યા.

૧. દેવ મંદિરમાં મૂર્તિમાં અધિક દૈવત આવે તેનુ કારણ શું?

૨. જ્યાં મૂર્તિમાં દૈવત હોય ત્યાં બધાનું વર્તન કેવું હોય જો તે તમો જાણતા હો તો તે બતાવો. કોઈને કાંઈ પૂછ્યા વગર ખબર પડે નહીં માટે તમો ભેળા મળીને જવાબ આપો.

૩. પૂજારી જે દેવની સેવા કરે છે તેના લક્ષણ કેવા હોય અને જે પૂજારી દેવ સેવાની રીતને ન જાણતા હોય તેના કેવા અપરાધ શાસ્ત્રોમાં ગણ્યા છે. તે શાસ્ત્રોના મત અનુસાર કહો. અને જે શાસ્ત્રોની રીત નથી જાણતા તેને પૂજા કરવાનો અધિકાર નથી. જે પૂજારી ખામીવાળી પૂજા કરે છે તેને મહાપાપ લાગે છે. માટે હું પૂછું છું (તેમ શ્રીહરિએ કહ્યું)

ત્યારે પૂજારીએ સર્વેવાતમાં નીતિમાં શાસ્ત્રોની વાતોમાં નિષ્ણાત હોય તે રીતે ઉચક એવી વાત કરી દીધી. પૂજારીને કોઈ દોષ લાગતો નથી. જો પૂજારી વિપ્રન હોય તો દોષ લાગે છે. મૂર્તિના પ્રતાપથી દોષ માત્ર દૂર રહે છે. અહીં કોઈ પાપ લાગતું નથી પાપને અવકાશ નથી. મૂર્તિના પ્રતાપની આગળ પાપ રહે કયાં? કદાચ મૂર્તિની પૂજા કરતાં પાપ લાગતું હોય તો તે મૂર્તિનો પ્રતાપ નથી (મૂર્તિમાં પ્રતાપ નથી) તેમ જાણવું અને જેને પાપ લાગે તે તો દુઃખ થાય અને વસ્ત્ર કે ધન મળે નહીં. અહીંતો બધું મળે છે. બધાજ પૂજારી સુખી છે અહીં લગાર કે પાપનો પાશ પુજારીનો લાગે છે તેવું લાગતું નથી. આ મૂર્તિ (રણછોડરાય) નો એવો પ્રભાવ અને પ્રતાપ છે કે તે તો પાપ માત્રને બાળી દે છે.

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા હે પૂજારીજીઓ વિપ્રો સાંભળો. કદાચ અમો તમોને ખરી વાત કહેતાં તમોને દુઃખ લાગે કે દુઃખ લાગડીને ખરી વાત કહીશું.

કલાલ કહેતા માંસ કાપનાર, વેંચનાર જે કસાઈ વેંશ્યા અને ચોર આ બધાજ રાત દિવસ કેટલુ બધું (મોટું) પાપ કરે છે કરતા હોય છે. છતા તેઓ પોતાને કયારેય પાપી માનતા નથી. પોતાનો ધંધો માને છે. સુખી છે અન્નવસ્ત્ર ધન પણ સારું એવું મળે છે. તો તે પાપ નથી? માત્ર બોલવાથી પાપનો નિર્ણય થતો નથી. જેમાં જેનું ગુજરાન થતું હોય તેમા તેને પાપ કરતા હોવા છતાં પાપ જણાતું નથી. દુનિયામાં જેટલી જાતના પાપ છે તે સર્વેને પેટ માટે (પેટ) જ કરાવે છે જે કામથી પેટનો નિર્વાહ થતો હોય તે અધર્મ હોય હળાહળ પાપ હોય તો પણ મનુષ્યને તે ધર્મ જ મનાય છે. તમારી પણ એવી રીત જણાય છે. તમો શાસ્ત્રોથી ઉલટું બોલો છો. જેને શાસ્ત્રનું જ્ઞાન ન હોય તેને અધર્મમાં ધર્મ મનાય છે. પાપમાં પણ સારું સુખકર મનાય છે.

આમ શ્રીજી મહારાજએ થોડા પ્રશ્ન પૂછી થોડા ઉપદેશ પણ કર્યો. પૂજારીએ પવિત્ર પણે પ્રેમથી ભાવનાથી દેવની મર્યાદાથી પૂજા કરવી જોઈએ. જે માટે વિહારીલાલજી મહારાજશ્રીએ શ્રીહરિ લીલામૃતમાં પૂજારીને ઉપદેશ ઘણોજ આપ્યો તેમ લખ્યું છે તેમાં થોડા અંશો લખ્યા છે.

★ જો શુદ્ધ પવિત્ર તન અને મનથી પૂજા કરે તોજ પ્રભુ મૂર્તિ સેવા સ્વીકારે છે. તેજ ખરી સેવા દેવ માને છે દેવ પૂજારી ભલે ગૃહસ્થ હોય પણ વ્યભિચાર ન કરે પોતાની પત્નીનો જ પત્ની માનો જગતની સ્ત્રીઓનેમાં બહેન દીકરીના ભાવથી માને તેની પૂજા દેવ સ્વીકારે છે.

★ જો અશુદ્ધ હોય અને દેવને અડે તો તેનો નિષેધ છે. અપરાધ લાગે છે. દેવના શાપનો નિમિત્ત બને છે. દેવ આગળ ચાખડીએ ચડી જાવું. અપૂર્ણ વસ્ત્રો, ગંદા વસ્ત્રો પહેરવા, અશુદ્ધ કે વાસી અન્ન ધરાવવું તેથી દેવના પૂજારીને અપરાધ લાગે છે.

★ પૂજારીએ દેવ સમક્ષ આવતાં પ્રણામ નમન દંડવત પ્રણામ કર્યા પછીજ બીજું કાર્ય કરવું જોઈએ. શુદ્ધ જળ ભરવું ધરાવવું. મંદિરમાં ઊંચ્ચા સ્વરે બોલવું નહિ (કીર્તન ભજન સિવાય ગ્રામય વાતો ન કરવી.)

★ વ્યસન રાખવું, મંદિરમાં સેવા દરમિયાન સ્ત્રીનો સ્પર્શ કરવો, લઘુશંકા કરી આવી હાથપગ ન ધોવા, કોગળો પણ ન કરવો મંદિરમાં અધોવાયુ છોડવો આવા ઘણાંજ નિષેધો દેવના પૂજારી માટે લખ્યા છે. જેનું અવશ્ય પાલન કરવું જોઈએ તોજ દેવમાં દૈવત રહે છે. તોજ મૂર્તિ બોલે કાંઈ લૌકિક રીતે બોલે નહીં.

પૂજારીના પૂર્વેના પુણ્ય હોય તે સુખી લાગે પણ હવે પછી જો દેવ સેવામાં ખામી રહે કે રાખેતો જરૂર આગળ પૂજારીને અપરાધ બદલ તે ભોગવવું જ પડે છે. માટે પૂજારીએ અતિ સાવધાન પણે વર્તવું જોકે અન્ય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સિવાયના મંદિરોમાં પૂજારી ગૃહસ્થ બ્રાહ્મણો અને વારા ફરતી ભાગ બટાઈથી સરકારી નિયમ પ્રમાણે અને જયાં બ્રાહ્મણો ન હોય ત્યાં સરકાર નિયુક્ત ગમે તેને કરતા હોય છે. ત્યાં દેવમાં દૈવત રહેતું નથી જોકે જગત મંદિર દ્વારિકા, ડાકોર, શામળાજી વગેરે જગપ્રસિદ્ધ મંદિરમાં ભલે સરકારી તંત્ર કામ વ્યવસ્થા કરતું હોય પણ તે દેવોને પ્રભાવ, પ્રતાપ અને મહિમા એટલો છે કે તે પ્રભુ સમયે સમયે બધુંજ ધ્યાન રાખતાજ હોય છે. નહીંતરતો ભેળાઈ ન જાય તેવું થતું નથી. મહારાજને ડાકોરમાં પૂજારીની વિચાર સરણી અને પૂજાની રીત મર્યાદા બરાબર ન લાગેલી તેથી રૂબરૂ પૂજારીને કહીને પ્રકાશ તે વખતે પાડેલો જે મનનીય અને વિચાર માંગી લે તેવો છે.

# મુક્તાત્મા શ્રી મુક્તાનંદ સ્વામી

- મહાદેવ ધોરિયાણી, અમદાવાદ

ક્ષરદેહે યુક્ત અને અક્ષરદેહે અમર એવા બડભાગી સૌરાષ્ટ્રના મહાત્મા મૂળદાસના જીવનમાં એવી સંકુલ સમસ્યા સર્જાઈ હતી. આ ઘટના દીવ બંદરે બની હતી. કવિ કલાપીએ ''મહાત્મા મૂળદાસ''એ કાવ્યમાં એમના જીવનના એક પ્રચલિત પ્રસંગનું નિરૂપણ સુંદર રીતે કર્યું છે.

રાત્રિનો છેલ્લો પ્રહર, અંધકારના અક્ષરો ધૂંટતો હતો, તારા ટમટમી રહ્યા હતા. ઉષાએ પોતાનાં દ્વાર ઉઘાડયાં ન હતાં. કૂવાને કાઠે ધૂંધળી ધુસરતામાં સંતે એક આકૃતિ નિહાળી એ વિધવા નવયૌવનાનું વૈધવ્ય કે જેની વિમલતા વીંધાઈ ગઈ હતી. આપઘાત જ એક ઉપાય હતો. ઊછરતાં વાત્સલ્યે પાપને પોંખી દીધું. સંતે સાહસ કરીને એક સગર્ભા સ્ત્રીને આત્મહત્યા કરતી રોકી. આ સ્ત્રી એક લબ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિનું નામ આપવા ઈચ્છતી ન હતી, કે જેને લીધે પોતાનું યૌવન ઠોકરાઈ ગયું હતું.

સંત મૂળદાસે કહ્યું, ''તું તારે મારું નામ આપજે લોકોની નિંદાથી હું ડરતો નથી.'' પોતાના નામને લૂણો લાગતો હતો. સર્વે પ્રસરેલી કીર્તિ છૂંદાઈ જતી હતી. પરંતુ ગણતરીના ગળનાળામાં ગૂંગળાય એ સંત શી રીતે કહેવાય? એમને મન તો અહમ્‌ને ઓગાળવાની એ આરાધના બની ગઈ.

સંતે આ સ્ત્રીને આશ્રમમાં આશ્રય આપ્યો. આ પતિતા પ્રાયશ્ચિત્તના પાવક જળમાં પાપને પખાળી પાવન થઈ. સમય જતાં રતનબાઈ એ એક કન્યા રત્નને જન્મ આપ્યો. સંતની સંસ્કારી છાયામાં રાધાનો સુબદ્ધ સર્વાંગી વિકાસ થયો.

સંતના ચારિત્ર્ય વિશે જે શંકા- કુશંકા થવા લાગી હતી તે સાચી હકીકતથી સમાજ વાકેફ થયો ત્યારે સૌ કોઈ આ સંતની કૂથલી કરવા બદલ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. રાધાનાં લગ્ન સંસ્કારી આનંદરામ નામના બ્રાહ્મણ સાથે કરવામા આવ્યાં. આ બ્રાહ્મણ દંપતીના પ્રસન્ન દાંપત્યને ફળ લાગ્યું એ જ સ્વામી સહજાનંદના ગુરુભાઈ સ્વામી મુક્તાનંદ!

એમનું પૂર્વાશ્રમનું નામ હતું મુકુંદદાસ. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ૫૦૦ પરમહંસોમાં પ્રથમ પ્રક્તિનું સ્થાન શોભાવનાર મુક્તાનંદ સ્વામીનો જન્મ અમરેલીમાં ૧૮૧૪ના પોષ વદી સાતમે થયો હતો. તેમનો બાલ્યાવસ્થામાં રામાનુજ સંપ્રદાયના જગ્યાધારી ગોંડલિયા સાધુ મૂલદાસજીના સંસ્કારસિંચનનો વારસો સાંપડયો હતો. આ સંતે મુંકુંદદાસમાં જ્ઞાન અને વૈરાગ્યનું બીજારોપણ કર્યું હતું. પિતા આનંદરામ પણ પ્રકાંડ પંડિત હતા. તેમણે પોતાના પુત્રને સંગીત સાધના, ગાનવિદ્યા અને વાદ્યવિદ્યાનો અમૂલ્ય વારસો આપ્યો હતો. રામાયણના પ્રખર કથાકાર તરીકે પણ એમની કીર્તિ એ અરસામાં ચોતરફ પ્રસરી હતી.

બચપણથી તેમને મુકુંદ ભગવાન પ્રત્યે ખૂબ જ પ્રીતિ હતી. તેમણે ભગવદ્‌ગીતા અને શ્રીમદ્ ભાગવતનો ઊંડો અભ્યાસ કર્યો હતો, વળી કાવ્યશાસ્ત્ર અને સંગીતનો શોખ તો હતો જ, બાળવયે લગ્ન લેવાઈ ગયાં હતાં. અમરેલીમાં અભ્યાસ પરિપૂર્ણ કરી પાસેના અમરાપુર ગામે આજીવિકા અંગે રહેતા હતા. સારા ધન્વંતરિ, સુંદર કથાકાર અને સંગીતજ્ઞ તરીકે સમગ્ર સૌરાષ્ટ્રમાં સુવાસ ફેલાઈ હતી. સંસારનું સુખ હતું, પ્રતિષ્ઠા હતી, પરંતુ સમૃદ્ધિની એ સજાવટની ઓથે મુકુંદને કરાળ કાળ કાચી કાયાને કોરતો કળાતો હતો.

"જોના હૈ, નર જાના હૈ,
ઘર છોડી નર અકેલા જાના હૈ,
મેડી મંદિર છોડ ચલોગે,
એક દિન ભોંય બિછાના હૈ."

પૂર્વના કોઈ સંસ્કાર બળે મુકુંદદાસને જગતની નશ્વરતા અને સંસારની ક્ષણભંગુરતા સમજાઈ ગઈ હતી, છતાં માતા-પિતાની આજ્ઞાને આધીન થઈ તેમણે લગ્ન તો કરી નાખ્યાં પણ તેમનું મન સંસારથી અલિપ્ત રહ્યું હતું.

નાનપણથી જ તેમને સંસાર પ્રત્યે અણગમો હતો. તેમનામાં ત્યાગ ભાવના વિશેષ પ્રબળ હતી. ધાર્મિક સંસ્કારની ફોરમથી તેમનું જીવન મઘમઘતું હતું. કળિયુગનો ઓછાયો તેમના જીવનને સ્પર્શ્યો ન હતો. તેમને બસ એક જ લગની હતી કે, આજીવન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી પ્રકૃતિના પ્રશાંત વાતાવરણમાં વિલસતો પરમાત્માનો નિત્ય આનંદ પોતાના હૃદયમાં આવિર્ભૂત કરવો.

"દો દિન કી જાન નર તેરો,
હોઈ ઘરીકમે રાખ કી ઢેરી."

તેમણે હાથ પર આવતું નાણું નાણી જોયું, કંઈક કાચું લાગ્યું. સાચું સમજાવા માંડયું.

"રે શ્યામ તમે સાચું નાણું,
બીજું સર્વે દુઃખદાયક જાણું,
રે તમ વિના સુખ સંપત કહાવે,
તે તો સરવે મહા દુઃખ ઉપજાવે,
અંતે એમાં કામ કાંઈ ના આવે,
રે શ્યામ તમે સાચું નાણું."

તેમને તો ભવ્યતા અને દિવ્યતાથી પરમાત્માને જ નિજ નયનમાં સમાવવા હતા, ચોતરફ બ્રહ્માથી કીટ સુધી નજર ફેરવી જોઈ, ક્યાંય સુખ દેખાય છે?

"રે બ્રહ્માથી કીટ લગી જોયું,
જુઠું સુખ જાણીને વગોયું,
મુકતાનંદ મન તમ સંગ મોહ્યું."

આ રીતે મુકુંદદાસના મનનું મૃગજળ ઓસરી ગયું. વિષયોનું વિષ વરતાઈ ગયું. દ્વિધા અને દ્વંદ્વ દૂર થઈ ગયાં. મનોમંથન માંથી નિર્ણયનું નવનીત નીકળ્યું.

આખરે એક દિવસ આ બાળકે ઘર ત્યજી સાચા સત્પુરુષની શોધ આદરી. પ્રથમ ધાંગધ્રામાં આવી દ્વારકાદાસ નામના સંન્યાસીને મળ્યા દ્વારકાદાસે તેમના મુખે બ્રહ્મચર્યની વાત સાંભળી આંચકો અનુભવ્યો.

મુકુંદદાસે સંન્યાસીને કહ્યું : "બ્રહ્મચર્ય એટલે ઈંદ્રિયોનો નિગ્રહ. હું ઈંદ્રિયનિગ્રહ દ્વારા અંતઃકરણને નિયમમાં રાખી જિતેન્દ્રિય બનવા ઈચ્છું છું....."

અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરવું અતિ કઠિન છે. ઈંદ્રિયોને નિયમમા રાખવી એ ખરું તપ છે. સંન્યાસીએ કહ્યું.

સંન્યાસીએ તેમને વાંકાનેરમાં કલ્યાણદાસ નામના સંન્યાસીનો સંપર્ક સાધવા કહ્યું. તેથી તેમણે વાંકાનેરની વાટ પકડી. કલ્યાણદાસ પણ મુકુંદદાસની વાત સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

અરે! આ બાળક આટલો રૂપાળો અને હજુ તો કુમળી વયનો છે. હજુ યૌવન પાંગર્યું નથી. સંસારના તડકા છાંયડા જોયા નથી, મૂછનો દોરો ફૂટયો નથી, ત્યાં બ્રહ્મચર્ય પાળવાની વાત કરે છે.

મુકુંદદાસ! બ્રહ્મચર્ય વ્રત પાળવું અઘરું છે. સાંભળ, વર્ષો પહેલાની તને વાત કરું. દ્વારકાદાસે ભલે તને મારી પાસે મોકલ્યો પણ અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન બહુધા શાસ્ત્રમાં જ સમાયેલું છે.

ક્રમશઃ

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ આયોજીત

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ

ઉપક્રમે

# મારો ઉત્સવ મારું ભજન

સંવત્ ૨૦૭૯ ચૈત્ર વદ-૧૩ થી વૈશાખ સુદ-૬

**તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩**

## -: ભજનના નિયમો અંગેની માહિતી :-

- વ્હાલા હરિભક્તો શ્રીજી મહારાજે ભુજમાં પધરાવેલા શ્રી નરનારાયણદેવને આવતા વર્ષે ૨૦૦ વર્ષ થઇ રહ્યાં છે. આ ઉત્સવ ધામધૂમથી ઉજવાશે તો આ ઉત્સવના ઉપલક્ષમાં વિશેષ ભજન થાય એવી પૂ. મહંત સ્વામીની ઇચ્છા છે અને નીચે જણાવેલ ૫ નિયમો સર્વે ભક્તો યથાશક્તિ કરે તો આપ સૌ દેશ-વિદેશમાં વસતા બહેનો-ભાઇઓ પરિવાર સાથે એકલા જેટલું ભજન થાય એટલુ કરજો.
- **સ્વામિનારાયણ મહામંત્ર પુરશ્ચરણ :** -૧૦,૮૬૩ માળાનું દશાંશ હોમ સાથેનું એક પુરશ્ચરણ થાય. મંત્ર ૧૧૭૩૨૦૪ દશાંશ સાથે આવા - વીશ હજાર બસો - પુરશ્ચરણ કરવાનો સંકલ્પ કરેલ છે.
- દા.ત. ઘરમાં ચાર વ્યક્તિ હોય ને એક વ્યકિત દરરોજની (૬) માળા કરે તો ૫૦૦ દિવસની ૨૭૫૦ માળા થાય. એવા ઘરના ચાર સભ્ય છ-છ માળા કરે તો કુલે ૧૧૦૦૦ અગીયાર હજાર માળા થાય. એટલે આપણા પરિવારનું એક પુરશ્ચરણ થયું ગણાય.
- ઘરમાં ત્રણ જણ હોય તો એક વ્યક્તિને દરરોજની આઠ ૮ માળા કરવી પડે. બાળક પણ એકદ માળા કરી શકે.
- કુલે એક પરિવારમાંથી ૫૦૦ દિવસની ૧૧૦૦૦ માળા થાય. તો આપણા પરિવારનું એક પુરશ્ચરણ થયું ગણાય.

અથવા...

- ઘરના દરેક સભ્યે નિત્ય ૧ એક માળા કરે, ૫૦૦ દિવસ છે. પરિવારમાં ૪ ચાર જણ છે, તો ૨૦૦૦ માળા થશે.
- માળા પૂજામાં, મંદિરમાં કે પવિત્ર સ્થળે થઇ શકે.

- **જનમંગલ સ્તોત્ર - નામાવલી પુરશ્ચરણ :-** ૧૧૦૦૦ જનમંગલના પાઠ થાય ત્યારે દશાંશ હોમ સાથે એક પુરશ્ચરણ થાય. એવા બે હજાર બસો - પુરશ્ચરણ કરવાનાં છે.
- ઘરમાં ચાર વ્યક્તિ હોય ને એક વ્યકિત દરરોજના (૬) પાઠ કરે તો ૫૦૦ દિવસના ૨૭૫૦ પાઠ થાય. એવા ઘરના ચાર સભ્ય છ-છ પાઠ કરે તો કુલે ૧૧૦૦૦ બાર હજાર પાઠ થાય. એટલે આપણા પરિવારનું એક પુરુશ્ચરણ થયું ગણાય.

અથવા..

- ઘરના દરેક સભ્યે નિત્ય એક પાઠ કરે ૫૦૦ દિવસ છે. પરિવારમાં ૪ જણ હોય તો ૨૦૦૦ પાઠ થશે.
- **પત્રત્રયમના પાઠ :-** ૨૦૦૨૦૦ (બે લાખ બસો) પાઠ કરવાનો સંકલ્પ. - ૯ પ્રકરણ છે. એક વ્યક્તિ મહિનામાં ૩ ત્રણ પાઠ કરે, દરરોજનું એક પ્રકરણ વાંચે તો નવ દિવસે એક પાઠ થઇ જાય. મહિને ત્રણ પાઠ થાય. આમ ૧૭ મહિનાના (૫૦૦ દિવસના) ૫૧ પાઠ એક વ્યકિતના થાશે.
- **દંડવત પ્રણામ :-** ૨૨૨૨૨૨૦૦ - બે કરોડ, બાવીસ લાખ, બાવીસ હજાર, બસો-દંડવત-બહેનોએ પંચાગ પ્રણામ કરવાનો સંકલ્પ છે.
- રોજના એક વ્યક્તિ ૫ દંડવત કરે, તો ૫૦૦ દિવસમાં ૨૫૦૦ અઢી હજાર થાય. - બહેનોએ પંચાગ પ્રણામ કરવા. સાષ્ટાંગ કે પંચાંગ પ્રણામ મંદિર, ઘરમંદિર કે પૂજામાં થઇ શકે.
- **પ્રદક્ષિણા :-** ૨૨૨૨૨૨૦૦ - બે કરોડ, બાવીસ લાખ, બાવીસ હજાર, બસો - પ્રદક્ષિણા કરવાનો સંકલ્પ કરેલ છે.
- રોજની ૫ પ્રદિક્ષણા કરવી - ૫૦૦ દિવસમાં ૨૫૦૦ થશે. - થઇ શકે એમ હોય તો મંદિરમાં કરવી. ન થઇ શકે એમ હોય તો ઘર મંદિર કે પૂજામાં કરવી.
- **નોંધ :-** ઉપરના આ બધા નિયમોની સામાન્ય ગણના કરી એ પ્રમાણે સંખ્યા નક્કી કરેલી છે. સમય સાનુકૂળ હોય તો આથી વિષેશ નિયમો લઇ શકો છો. દા.ત. ૫૦૦ દિવસમાં ઘરનું એક પુરુશ્ચરણ થાય છે. એવા બે - ત્રણ કરી શકો. વ્યકિત ગત પણ પુરુશ્ચરણ કરી શકો છો. આમ દરેક નિયમમાં સમજી લેવું.
- **અવતીર્ય પ્રાર્થના :** કંઠસ્થ કરી દરરોજ ગાવવું
- **પ્રભાત ફેરી :** દર મહિનાની સુદ પક્ષની પાંચમની તિથિએ આપણા ગામમાં સવારના સમયે પ્રભાત ફેરી ફરવી.
- આપ જયાં પણ રહેતા હો ત્યાં તમને બેનર જોઇતું હોય તો નીચેના નંબર ઉપર ફોન કરી માંગાવી લેવું.
- **મંત્ર લેખન :** સ્વામિનારાયણ મંત્ર લેખન કરવું.

- ભજન સમિતિ

**વિશેષ માહિતી માટે : યુવક મંડળ કાર્યાલય - મો. ૯૮૨૫૯ ૫૦૨૩૧**

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવં નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૧, શુક્રવાર, તા. ૦૧-૦૪-૨૦૨૨, સાંજે ૩:૦૦ વાગ્યે**

**કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૨, શનિવાર, તા. ૦૨-૦૪-૨૦૨૨**

**કથા વિરામ સાતમો દિવસ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૭, શુક્રવાર, તા. ૦૮-૦૪-૨૦૨૨ સાંજે ૭:૦૦ વાગ્યે**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૮, શનિવાર , તા. ૦૯-૦૪-૨૦૨૨, સવારે ૬:૩૦**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મંદિર

યજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૦૨-૦૪-૨૦૨૨ થી તા. ૦૮-૦૪-૨૦૨૨ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

---

- એક પોથીના રૂા. ૨૫,૦૦૦/– પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
- ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.
- વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.
- ૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
- સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.
- જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮X૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦

# સત્સંગ સમાચાર દેશ

### ભુજ મંદિરે દિવાળી ઉત્સવો અને નૂતન વર્ષ ૨૦૭૮ની ઉજવણી

ભુજ મંદિરના મહંત પ્રાતઃ સ્મરણીય સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી એવં વડીલ સંતોના આશીર્વાદથી ભુજ મંદિરમાં દિવાળી મહોત્સવ ધામધૂમથી હર્ષ અને ઉલ્લાસ સાથે હોંશભેર ઉજવાયો, સંતો અને હરિભક્તોએ આ ઉત્સવ મનભરીને માણ્યો.

ધનતેરસથી જ મંદિરમાં હરિભક્તોનો મેળો જામ્યો હતો. રંગબેરંગી નવા વસ્ત્રો પહેરી શ્રીજી મહારાજના ચરણમાં શિશ નમાવી કૃતાર્થ થતા ભક્તોમાં આનંદ અને ઉત્સાહ જણાતો હતો. ધનતેરસના દિવસે ગૌપૂજન કરી ગાયમાતા તરફનો પૂજયભાવ વ્યક્ત થયો. ગાયોના શિંગડાઓ રંગીને ગાયોના શણગાર કરી ભક્તોએ અહોભાવ વ્યકત કર્યાં. ગાયમાતાની સેવા કરવાની પરંપરા આજે પણ આપણા સંપ્રદાયમાં જળવાઈ રહી છે. ગૌ શાળામાં સંતોએ પણ ગૌપૂજન અને આરતી ઉતારી ગાય માતાને નમન કર્યા હતા.

કાળીચૌદશના રોજ આકડાના ફૂલોની માળાઓથી પવનપુત્ર રામભક્ત શ્રીહનુમાનજી દાદાના શણગાર સજવામાં આવ્યા હતા. શ્રીફળ અને સુખડીના નૈવેધ ધરાવી ભક્તિભાવ સાથે આરાધના કરવામાં આવી.પૂ. મહંત સ્વામીએ આરતી ઉતારી પૂજન કર્યું હતું. શ્રીહનુમાનજી પૂજન બાદ સૌ હરિભક્તો શ્રીફળ, સુખડી તથા ચુરમાના લાડુનો પ્રસાદ લઈ તૃપ્ત થયા હતા.

પર્વાધિરાજ દિવાળીના પર્વનું મહત્ત્વ અનેરું છે. વર્ષના અંતિમ દિવસે વર્ષભરના કર્મોના લેખાજોખા કરી ભક્તો સન્માર્ગે ચાલી સત્કાર્યો કરવાના સંકલ્પો કરે છે. દીપકના જ્ઞાનરૂપી પ્રકાશથી આત્માના અંધકારને ઉલેચવાનું પર્વ એટલે દિવાળી. આ દિવસે રંગોળી સ્પર્ધાનું આયોજન ભુજ મંદિરમાં કરાયું હતું જેમાં સારી એવી સંખ્યામાં ભાગ લઈ બહેનોએ વિવિધ પ્રકારની નયનરમ્ય, અતિ આકર્ષક અને કલાત્મક રંગોળીઓ બનાવી સૌની દાદ મેળવી હતી. જુદા જુદા આકારો અને વિષયોને કેન્દ્રમાં રાખીને સજાવેલી આ રંગોળીઓ આપણને સંદેશ આપી જાય છે કે જીવનમાં પણ પરિસ્થિતિ અને સંજોગો મુજબ સુખ-દુઃખના અનેક રંગો ભરેલા છે. જેને શ્રીહરિ પર આસ્થા અને ભરોસો રાખીને જીવનને રંગોળીની જેમ સજાવીને સુંદર બનાવવાનું છે.

બપોરે પછી લક્ષ્મીપૂજન - ચોપડા પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. મોટી સંખ્યામાં વેપારીઓ અને અન્ય ધંધાર્થીઓ તેમજ મંદિરના અલગ અલગ વિભાગોના ચોપડાઓ સાથે પૂજનવિધિ માટે સૌ ઉપસ્થિત રહ્યા હતા. નવા વર્ષની લક્ષ્મીની પૂર્ણ કૃપા અને ધંધામાં બરકત રહે એવી અપેક્ષાઓ સાથે વિધિ - વિધાનપૂર્વક ચોપડાપૂજન સંપન્ન કરવામાં આવેલ. સૌએ દિવાળીની શુભેચ્છાઓની આપ - લે કરી હતી. પૂજન સમયે મહંત સ્વામી સહિત મોટી સંખ્યામાં સંતો હાજર રહ્યા હતા.

મોડી સાંજે ૨૦૦૦૦ દીવડાઓથી મંદિરના પ્રાંગણને પ્રકાશિત કરવામાં આવ્યું હતું. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ સંતો - સાં.યો. બહેનોના માર્ગદર્શન અને સૂચન મુજબ ભક્તિભાવ પ્રગટ કરતી વિવિધ આકૃત્તિઓ - મૂર્તિઓ બનાવી એકી સાથે ૨૦૦૦૦ દીપક પ્રગટાવી એક અલૌકિક વાતાવરણનું નિર્માણ કર્યું હતું.

નવા વર્ષે વહેલી સવારથી હરિભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. મંગળા આરતીના સમયથી ભક્તોની ભીડ જામી હતી. ઠાકોરજીના આરતી, અન્નકૂટ દર્શન, આરતીના પ્રસંગોમાં ભક્તિભાવ પૂર્વક જોડાઈ સૌએ નવા વર્ષની શરૂઆત કરી એકબીજાને શુભેચ્છાઓ

અને નૂતન વર્ષાભિનંદન પાઠવેલ. ઠાકોરજીને વિવિધ પકવાનો, મિષ્ઠાનોના રસથાળ ધરાવીને અન્નકૂટ ગોઠવવામાં આવેલ, જેના દર્શન કરવા એક આલ્હાદ્ક લ્હાવો છે.

દિવાળી પર્વના દિવસોમાં દરરોજ રાત્રે રોશનીથી શણગારી મંદિરને પ્રકાશિત કારયું હતું. અદ્ભુત રોશનીએ સૌને પોતા તરફ આકર્ષી લીધા હતા. અદ્ભુત રોશનીથી મંદિરની શોભામાં અનેકગણી અભિવૃદ્ધિ થઈ હતી.

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શનાર્થે પધારેલ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી**

તા.૧૦-૧૧-૨૦૨૧ રાજ્યના ૧૬ જિલ્લાના પ્રવાસનો પ્રારંભ કચ્છથી કરતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બુધવારે ભાજપ કાર્યકરોના સ્નેહમિલનમાં સામેલ થવા પહેલાં શ્રી સ્વામિનારાયણ મંદિરએ દર્શનાર્થે પધાર્યાતા.

એક સપ્તાહના ટૂંકાગાળામાં આજે બીજી વખત કચ્છ આવેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી નરનારાયણદેવની પૂજા કરી નવાં વરસમાં સૌનું આરોગ્ય સ્વસ્થ રહે તેવી પાર્થના કરી હતી.

આજે સાંજે શિક્ષણ રાજ્યમંત્રી અને કચ્છ પ્રભારી મંત્રી કીર્તિસિંહ વાઘેલા, કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલ, પૂર્વ પ્રધાન રજનીભાઈ પટેલ સહિત નેતાઓ સાથે પહોંચેલા મુખ્યમંત્રી સ.ગુ.પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજી સહિત વડિલ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

મહંત સ્વામી સાથે સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કો. સ્વામી દેવપ્રકાશદાસજી સહિત આદિ સંતો ભૂપેન્દ્રભાઈના સ્વાગત સન્માન કર્યા હતા. મુખ્ય મંદિરમાં દર્શન પૂજા બાદ સંતવૃદ સાથે મંદિરના કોઠારની મુલાકાત લેતાં મુખ્યમંત્રીએ શ્રી સ્વામિનારાયણ મંદિરની આધ્યાત્મિક, સમાજપોષક, પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ભાજપ મહિલા મોરચાના કાર્યકરોએ મંદિરમાં મુખ્યમંત્રીનું સન્માન કર્યું હતું. ભાજપ અગ્રણી મહેન્દ્રભાઈ પટેલ, ગોદાવરીબેન ઠક્કર, વેલજીભાઈ ભુડિયા સહિત જોડાયા હતા. કલેકટર પ્રવિણા. ડી.કે, જિલ્લા વિકાસ અધિકારી ભવ્ય વર્મા, પોલીસ વડા સૌરભસિંઘ, પ્રાત અધિકારી ડો. વી.કે.જોશી, નાયબ પોલીસ વડા જે. એન. પંચાલ સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

**તુલસી વિવાહ**

આપણા સંપ્રદાયમાં તુલસી વિવાહનો પ્રસંગ એક વિશેષ મહત્ત્વ ધરાવે છે. પરંપરાગત રીતે આ વર્ષે પણ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમદ વડીલ સંતોના આશીર્વાદથી તા. ૧૬-૧૧-૨૦૨૧ મંગળવારે તુલસી વિવાહની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી ભક્તિમય વાતાવરણમાં વચ્ચે કરવામાં આવી.

લગ્ન પ્રંસગનો આનંદ અનેરો હોય છે. તેમાંય આ તો પ્રાણાધાર ઠાકોરજીના અને તુલસીમાતાના લગ્નનો પ્રસંગ હોવાથી હરિભક્તોમાં હર્ષોલ્લાસ અને ઉત્સાહ ઉમંગ વ્યાપી ગયો હતો. નવા નવા અને રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી લગ્ન માણવા આવેલા હરિભક્તોથી મંદિર પરિસર ભરચક હતું. સવારે પવિત્ર વાતાવરણ વચ્ચે મંગલમય લગ્ન ગીતાનો સુમધુર ધ્વનિ ગુંજી ઊઠયો. ભૂદેવોએ માંડવા વિધિનો શુભારંભ કર્યો અને યજમાન પરિવાર સાથે હરિભક્તો પૂર્ણ આસ્થાથી ઉપસ્થિત રહ્યા હતા. ખાસ કરીને મહિલા હરિભક્તોમાં આનંદ વધુ ઉભરાતો હતો. મંડપારોપણ બાદ ગૃહશાંતિનો વિધિ પણ સંપન્ન થયો.

ઉત્સવના યજમાન પદે ઠાકોરજી (વરપક્ષ)ના ઠા. અનસુયાબેન મનજી, પુત્ર રૂપેશ, ભાવિક, હાર્દિક,

પુત્રવધૂ દિલ્પાબેન, નિશાબેન, રીંકુબેન તથા પૌત્ર, શુભ, કીર્તન, પૌત્રી યેશા, યાશી દીકરી હિનાબેન મેહુલભાઈ રૂપારેલ, દોહિત્ર ધૈર્ય મેહુલભાઈ રૂપારેલ સપરિવાર રહ્યા હતા. જ્યારે તુલસીમાતા (કન્યાપક્ષ)ના યજમાન તરીકે સ્વ. મથુરાદાસ માણેકચંદ નથવાણી, સ્વ. ધ.પ.શારદાબેન મથુરાદાસ નથવાણી, મુકેશભાઈ મથુરાદાસ નથવાણી, ધ.પ.સુશીલાબેન , ઘનશ્યામ મુકેશભાઈ નથવાણી, ધ.પ. નમ્રતા ઘનશ્યામભાઈ નથવાણી, યથાર્થ ઘનશ્યામભાઈ નથવાણી, રાજેશ કુબેરદાસ બારૈયા (જમાઈ), સ્વાતિ રાજેશકુમાર બારૈયા (બહેન), હેમાંશી રાજેશકુમાર બારૈયા (ભાણેજી) સપરિવાર રહ્યા હતા.

ઠાકોરજી અને સંતોની બંને યજમાનોના ઘરે પધરામણી બાદ સાંજે શ્રીઠાકોરજીની નગરયાત્રા (વરઘોડો) બેન્ડબાજા, વાજિંત્રો અને સંગીતની સૂરાવલિઓ સાથે ભુજ નગરના જાહેર માર્ગ પર નીકળી હતી. હરિભક્તો અતિ આનંદમાં હતા. યુવાનો અને યુવતીઓ નૃત્ય અને રાસ દ્વારા નગરયાત્રામાં આનંદની અભિવ્યકિત કરતા હતા. મંદિરે પહોંચતાં જ શાસ્ત્રોક્ત વિધિ મુજબ ઠાકોરજીને પોંખીને જાનૈયાઓનું સ્વાગત કરાયું. કલાત્મક રીતે અતિ સુશોભિત લગ્નમંડપમાં લગ્નવિધિ સંપન્ન થયો અને સૌ ધન્ય ધન્ય થઈ ગયા.

લગ્ન નિમિત્તે મંદિરમાં ઉપસ્થિત સર્વે હરિભકતોને ભોજનરૂપી મહાપ્રસાદ પીરસવામાં આવ્યો અને સૌ તુલસી વિવાહના સંસ્મરણોની ચર્ચા કરતા કરતા ગ્રહણ કરી તૃપ્ત થયા.

**શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના લોગોનું વિમોચન**

ભુજ મધ્યે ચાલતી યુવા શિબિર અંતરગત તા. ૧૦-૧૧-૨૦૨૧ ના રોજ ભુજ મંદિરના પટાંગણમાં આવેલ સભા મંડપમાં (ડોમમાં) શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના લોગો લોચિંગ સ.ગુ.પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગતવદ્જીવનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ભવ્ય કાર્યક્રમનું સુંદર અને સચોટ સંચાલન (સ્ટેપ બાઈ સ્ટેપ) વિગતોની સ્પષ્ટ સમજ સાથે શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સુંદર રીતે કરર્યું હતું અને સૌને પ્રભાવિત કર્યા હતા.

ભુજ મંદિર દ્વારા આયોજિત અષ્ટાદશ સત્સંગ શિબિર અંતર્ગત આવો મહત્ત્વનો પ્રસંગ બન્યો હોય તેવો આ પ્રથમ અવસર હતો. પરમહંસોની સભામાં શ્વેત વસ્ત્રોધારી સેંકડો યુવકો અને ગુલાબી વસ્ત્રોધારી સેંકડો યુવતીઓથી સભા અત્યંત શોભી ઊઠી હતી. ભગવા વસ્ત્રોધારી પરમહંસોની વચ્ચે શ્વેત વસ્ત્રો હંસની જેમ શોભી રહ્યા હતા અને ગુલાબી રંગની ઓઢણીઓથી ગુલાબી ઉપવન સર્જાયું હતું. શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્વના પ્રારંભે મંદિરના ઉપવનમાં કેસરી (ભગવા) હજારીના ફૂલો, શ્વેત મોગરાના ફૂલો અને ગુલાબી સુગંધિત ગુલાબનાં પુષ્પો ખીલી ઊઠ્યા હતા. ભગવો રંગ પવિત્રતા અને શક્તિ, શ્વેત રંગ શુદ્ધતા અને શાંતિ તેમજ ગુલાબી રંગ આનંદનાં દ્યોતક છે. વાતાવરણ ભક્તિભાવ, નિર્મલતા અને સાથે હર્ષોલ્લાસથી ભરપૂર હતું.

સ્ટેજ ઉપર નિર્મિત પૃથ્વીના માનચિત્રમાં ભારત દેશને રંગીન રીબીનથી વીંટાળેલ હતું. તેના ઉપર અબીલ, ગુલાલ, કંકુ અને પુષ્પોની વર્ષા કરી તેમાં રહેલા લોગોનું ઉદ્ઘાટન કરાયું હતું. આ લોગોના નિર્માણ માટે અનેક જણને આહુત કરેલા અને ઘણા લોગો આવેલા. તે બધા લોગોને સ્ક્રીન પર દર્શાવેલ. આ લોગો પૈકી મહંત સ્વામી, સંતો અને ટ્રસ્ટીઓએ ખૂબ જ વિચારણાના અંતે શંખની આકૃત્તિવાળો લોગો પસંદ કરી તેને નક્કી કર્યો હતો. શંખનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ સમજાવવામાં આવેલ અને બોરડીના વૃક્ષ નીચે તપસ્યા કરતા શ્રી નરનારાયણદેવ આ લોગોમાં દર્શાવેલ

છે, તે તેની વિશેષતા છે. હાથમાં લોગોની પતાકાઓ લઈ શિબિરર્થીઓ, સંતો, સાં.યો. બહેનો અને હરિભક્તોએ લોગોને તાળીઓ અને ઠાકોરજીના જયનાદથી વધાવી લીધેલ. ઉપરાંત સ્ટેજપર ઊભા રહી બસો સંતોએ શંખોના નાદનો ધ્વનિ પ્રસરાવી ઉત્સવના મંગલપ્રારંભનો સંદેશ વિશ્વને આપેલ હતો. આ રીતે ૨૦૦ સંતો દ્વારા શંખનાદ કરી વિશ્વને આંમત્રિત કરાયાનો સંપ્રદાયના ઈતિહાસમાં કદાચ પહેલો પ્રસંગ હતો.

શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ દ્વિશતાબ્દી મહોત્સવમાં નાની વ્યક્તિથી મોટા તવંગરો સેવા કરી શકે અને કોઈ પણ બાકી ન રહી જાય તેવા મંદિરના આયોજનની છણાવટ સાથે વિગતો આપી હતી. જે કોઈ હરિભક્તો ને આ મહામહોત્સવમાં સેવા કરવાની પ્રેરણા થાય તેઓએ કોઠારમાં સંપર્ક કરવો અને વિગતસર માહિતી લઈ લેવી.

આપણા સૌના ગુરુ સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ પોતાના આશીર્વાદમાં એમ જણાવેલ કે જે દેવોના પ્રતાપે આપણે સૌ આટલા સુખીયા છીયે તો જ્યારે એ દેવની પ્રતિષ્ઠાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોય તે અવસરનો મહિમા જ અલગ હોય. ભૂતકાળના ભવ્ય પ્રંસગો જે રીતે સફળતા પૂર્વક ઐતિહાસિક રીતે ઉજવ્યા છે તે રીતે જ આ અવસરે પણ સૌ અર્થદાન અને શ્રમદાન કરવા તત્પર રહેજો. તો તમે સૌ હરિભક્તો આ મહામહોત્સવમાં ખૂબ તન, મન, ધન અને લગનથી સેવા કરજો અને ખાસ કરીને દરેક ગામના સાં.યો. બહેનો ભેગા થઈને મુખ્ય યજમાન પદ અને અજોડ અવસરમાં મળેલી આ તક ઝડપીલે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

આજના પ્રસંગે યજમાન તરીકે ગામ રામપરના પ.ભ. અ.નિ. લાલજીભાઈ કરસન વેકરીયા, ધ.પ. ગં.સ્વા. પુરબાઈ લાલજી વેકરીયા, હસ્તે ગોપાલભાઈ લાલજી વેકરીયા, ધ.પ. રતનાબેન, પુત્ર હરિશભાઈ ધ.પ.સવિતાબેન. હસ્તે પુત્ર રવજીભાઈ લાલજી વેકરીયા, ધ.પ. વિરબાઈ, પુત્ર દેવરાજભાઈ, ધ.પ. રસિલાબેન. હસ્તે લક્ષ્મણભાઈ લાલજી વેકરીયા, ધ.પ. લાલબાઈ, પુત્ર નારણભાઈ, ધ.પ. રીનાબેન, પુત્ર મનુજભાઈ, ધ.પ. નિલમબેન રહ્યા હતા. અને અણમોલ લ્હાવો લીધો હતો. કર્યાક્રમના અંતે આ જ હરિભક્તોએ સંપૂર્ણ મહોત્સવના યજમાન પદે રહી સેવા કરવાનો નિર્ધાર જાહેર કરેલ.કાર્યક્રમ દરમ્યાન બંને હરિભક્ત યજમાનશ્રીઓ અને સ.ગુ.સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી ને પુષ્પમાળા પહેરાવી મહંત સ્વામીએ સન્માનિત કર્યા હતા. ઉપરાંત ઉપમહંત સ્વામી સત્સંગ પ્રચાર - પ્રસાર અર્થે વિદેશ જતા હોઈ પુષ્પમાળા પહેરાવી તેમને પણ શુભેચ્છા પાઠવી આશીર્વાદ આપ્યા હતા.

### અષ્ટાદશ સત્સંગ શિબિર - ભુજ

સત્સંગ સંવર્ધન એવં સંસ્કાર સિંચનથી પરિવર્ધિત આદર્શ સત્સંગ સમાજનું નિર્માણ થાય એવા હેતુથીભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળની અઠારમી પંચદિનાત્મક આવાસીય સત્સંગ શિબિરનું આયોજન તા. ૦૯-૧૧-૨૦૨૧ થી તા. ૧૩-૧૧-૨૦૨૧ સુધી. ભુજ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦૦ જેટલા યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

તા. ૮-૧૧-૨૦૨૧ ના સંધ્યા વેળાએ મોટી સંખ્યામાં યુવાનો શિબિર સ્થળે પહોંચી ગયા હતા. સાંજે સંધ્યા આરતી નિયમ કરીપુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ પત્રત્રયમની કથાનું રસપાન કરાવ્યું હતું. બાદ શિબિરની માહિતી આપી હતી

તા. ૦૯-૧૧-૨૦૨૧ લાભ પાંચમના પ્રથમ દિવસે પ્રાતઃપૂજા બાદ વિદ્યાર્થી સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજીએ વચનામૃત કથાનું શ્રવણ કરાવ્યું.

ત્યારબાદ શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજીએ ધ્યાનયોગથી ચરણ ચિહ્નનું ધ્યાન કરાવ્યું હતું.

ઉગતા સૂર્યના અજવાળે ઠાકોરજી અને સ.ગુ. મહંત પુરાણી સ્વામીધર્મનંદનદાસજી,ઉપમહંત સ.ગુ. સ્વામીભગવતજીવન દાસજી,સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતઆદિક વડીલ સંતોના ભવ્ય સ્વાગતમાં યુવાનો શ્વેત વસ્ત્રમાં સજ્જ થઈને પૂજ્ય સંતોનુંવાજતે ગાજતે સન્માન કર્યું હતું. મહંત સ્વામી આદિક વડીલ સંતોનાં વરદ્. હસ્તે અષ્ટાદશ સત્સંગ શિબિરનું દીપ પ્રાગટ્ય કરી શિબિરનો શુભ પ્રારંભ કરાયો હતો. બાદ પૂજ્ય મહંત સ્વામીએ શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ વ્યાખ્યાનમાળામાં શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ભુજ મંદિરના દ્વિતીય મહંત અક્ષરજીવનદાસજી સ્વામીનો ઉપદેશામૃત પત્ર અંતર્ગત સત્સંગનું વાતાવરણ ડોળાય નહીં એટલા માટે સ્વામીએ આ પત્ર સર્વે સત્સંગીઓના હિતને માટે લખ્યો છે, એવી વાત કરી હતી. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ આ શિબિરમાં કઈક નવું પ્રાપ્ત થશે અને જીવાનભર યાદ રાખશો તો જીવનનું સંભારણું બની રહેશે એમ પ્રવચનમાંજણાવ્યુ હતું.

બપોર પછીના સત્રમાં વ્યાખાનમાળાના વક્તા પુરાણી સ્વામી પરમહંસદાસજીએ ઉપદેશામૃત પત્ર અંતર્ગત હરિભક્તોને અસાવધાનપણું કેમ ટાળવું તે વિષય અંતર્ગત વચનામૃત અને શિક્ષાપત્રીના પ્રમાણોથી છણાવટ કરી હતી. બાદ ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવતજીવન દાસજી એ અક્ષરજીવનસ્વામીના પત્રને યાદ કરી ગઢપુરના અક્ષરાનંદ બ્રહ્મચારીએ આ પત્ર ઉપર સાત દિવસની કથા કરી હતી એ તમામ પ્રસંગોને યાદ કર્યા હતા. ત્યારબાદ ભુજમંદિરના ટ્રસ્ટી શા. સ્વામીઅક્ષરપ્રકાશદાસજીએ આપણા સત્સંગના દીકરા અને દીકરીઓને આ કલુષિત કળી યુગમાં સમજણથી કેમ જીવન જીવીને અન્યો માટે પ્રેરણારૂપ બનવું એવા વિચારો વ્યક્ત કરી સંપ અને સંગઠનથી સત્સંગને સમર્પિત થવાની શીખ આપી હતી.

સાંજે સંધ્યા આરતી નિત્ય-નિયમ બાદ શા. સ્વામીવેદાંતસ્વરૂપદાસજીએ મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી ઉપર લખેલ પત્રની કથા કરી હતી, તેજ દિવસે રાત્રે યુવાનો જ્ઞાનની સાથે ગમ્મત મેળવે તે હેતુથી સરસ કહુટ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં તમામ યુવાનોએ હર્ષભેર લાભ લઈ ખૂબ આનંદ કર્યો હતો.

તા.૧૦/૧૧/૨૦૨૧ના દ્વિતીય દિને શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં દર માસની સુદ પાંચમના ગામડાઓમાં પ્રભાત ફેરી ફેરવવાનો આદેશ આપી શુભ પ્રારંભ કર્યો. પ્રાતઃપૂજા બાદ સહુ શિબિરાર્થીઓ પગે ચાલી મહામંત્રની ધૂન બોલાવતા ભુજ શ્રી નરનારાયણદેવની નિશ્રામાં પહોંચ્યા હતા, ત્યાં પ્રભાત ફેરીએ વિરામ લીધો.દર્શનબાદ ત્યાં શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહામહોત્સવના લોગાનું વિમોચન કરવામાં આવ્યું હતું.શિબિર સ્થળે પરત ફર્યા બાદ શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ ઉપદેશામૃત પત્ર અંતર્ગત 'આળસ,અજ્ઞાન, અને અભિમાન મૂકીને સાધુનો સમાગમ કરવો' અક્ષરજીવન સ્વામીના આ શબ્દ ઉપર યોગ્ય પ્રસંગ વર્ણવ્યા હતા.

બપોરપછીના બીજા સત્રનો કીર્તન ભક્તિ દ્વારાપ્રારંભ થયો હતો આ સત્રમાં શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજીએ ઉપદેશામૃત પત્ર અંતર્ગત 'પરસ્પર હેત રાખવું,કારણ કે હેતે કરીને એકાબીજાની ખોટ ટળે,અને આ કાગળ જીવ ઠેકાણે રાખવો'આ શબ્દો ઉપર સુંદર વાતો કરી હતી, વ્યાખ્યાન બાદ સ.ગુ. સ્વામી હરિબળદાસજીએ જેરામ મિસ્ત્રી જેવા ભક્તોના દૃષ્ટાંતથી આપણે એવા થાશું તો ભગવાન આપણા ઉપર બહુ રાજી થશે એવા આશીર્વાદ આપ્યા હતા, ત્યારબાદ અલ્પ રિશેષમા તમામ શિબિરાર્થીઓને મેવાનો પ્રાસાદ

આપવામાં આવ્યો હતો, બાદ શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ લુપ્ત થતી આપણી હિન્દુ સંસ્કૃતિને પુનઃ કેવી રીતે જાગૃત કરવી એ વિષય સુંદર દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યો હતો. સાયંકથામાં શાસ્ત્રી સ્વામી સુખનંદનદાસજીએ પત્રત્રયંની ક્થા કરી હતી. સાયં ભોજન બાદરાત્રિ કાર્યક્રમમાં અંતાક્ષરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં સંગીતકાર સંતોએ ૨ ટીમ બનાવીને નંદ સંતોએ રચેલા કીર્તનોની રમઝટ બોલાવી હતી જેમાં શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી નિર્ભયચરણ દાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી વ્રજવિહારી દાસજી, સ્વામીભક્તિવેદાંતદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજી, તબલચી સ્વામી કપિલમુનિ દાસજી, ઓક્ટ્રોપેડવાદક સ્વામી દેવનંદનદાસજી વિગેરે સંતોએ પૂર્ણ સહયોગઆપી અંતાક્ષરીમાં સહુને ખૂબ આનંદિત કર્યા હતા.

તા.૧૧/૧૧/૨૦૨૧ના તૃતીય દિવસે પ્રાતઃપૂજા બાદ વિદ્યાર્થી સ્વામી આનંદપ્રકાશદાસજીએ વચનામૃત કથાનું શ્રવણ કરાવ્યું હતું. અલ્પાહાર બાદ અવતીર્ય નિજા.. એ અષ્ટક નું સમૂહમાં ગાન કરવામાં આવ્યું હતું.બાદ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ઉપદેશામૃત પત્ર અંતર્ગત શ્રીજી મહારાજે બાંધેલી મર્યાદામાં સહુને રહેવું, કદી પંચ વર્તમાનમાં ફેર પાડવો નહી આ શબ્દો ઉપર અદ્ભુત પ્રકાશ પાડ્યો હતો.બાદ કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીએ આજનો યુવાન કેવો હોવો જોઈએ તેના ઉપર સુંદર આશીર્વાદ આપ્યા હતા. ત્યાર બાદ પાર્ષદ ખીમજી ભગત અને શાસ્ત્રી સ્વામી બ્રહ્મમુનિદાસજીએ પ્રશ્ન ચર્ચાના માધ્યમથી સમ્યક્-દર્શન શબ્દથી ભગવાનના દરેક કાર્યમાં આશ્ચર્ય થવું જોઈએ એવી સુંદર વાતો કરી હતી. બાદ શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજીએ આ સ્વામીનો પત્ર અમૃત જેવો છે એનું પાન કરવાથી ચોક્કસ ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે એવી સુંદર વાતો કરી હતી. બપોર પછીના સત્રમાં સંગીતકાર સંતો એ શિબિરનું થીમ કીર્તન હરિવર હીરલોરે.. શબ્દાનાદથી સત્રનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ પૂજ્ય પરમહંસ સ્વામીએ ઉપદેશામૃત પત્ર અંતર્ગત ધામમાં જવું હોય તેને આજ્ઞા ઉપર સુરત રાખવી આ શબ્દોને સારી રીતે સમજાવ્યા હતા. અલ્પ રિશેષ બાદ શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ પાણી કેવું અને ક્યારે પીવું એના ઉપર આરોગ્ય અને સ્વાસ્થ્યને લગતી સુંદર છણાવટ કરી હતી.સાયં કથામાં સ્વામી ધર્મકિશોરદાસજીએ પત્રત્રયમ્ અંતર્ગત ભગવાનના ભક્તનો અપરાધ થઈ જાય એ વિષે સારી વાત કરી હતી. રાત્રિના સત્રમાં જ્ઞાન ચક્રવ્યૂહ ગેમનું આયોજન થયું હતું જેમાં સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી, સ્વામી નીલકંઠજીવનદાસજી, આદિ સંતો એ ખૂબ મહેનત કરી આ ગેમ રમાડીને સહુને આનંદ અપાવ્યો હતો.

તા.૧૨/૧૧/૨૦૨૧ના ચતુર્થ દિવસે પ્રાતઃપૂજા બાદ વિદ્યાર્થી સ્વામી આનંદપ્રકાશદાસજીએ વચનામૃતકથાનું શ્રવણ કરાવ્યું હતું.અલ્પાહાર બાદ સમૂહમાં પત્રત્રયમ્‌નું ગાન કરવામાં આવ્યું હતું.બાદ શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ ઉપદેશામૃતપત્ર અંતર્ગત મંદિર અને વિધવાનું ધન કેટલું અનર્થકારી છે તથા ડુંગળી અને લસણ ન ખાવા વિષે સુંદર વાતો કરી હતી. ત્યારબાદ સ. ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ આશિબિરમાં આવા પવિત્ર સંતોના દર્શન થાય છે એ આપણાં માટે મોટું સૌભાગ્ય છે એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. એજ દિવસે પુનઃ પુ. મહંત સ્વામી પધાર્યા હતા. અને યુવાનો-યુવતીની રવિ સભામાં વાંચવા માટે 'શિક્ષાપત્રીકથામૃત' પુસ્તકનું મહંતસ્વામી આદિ સંતોના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. બાદ ૨૦૦ વર્ષ પહેલાં લોયામાં થયેલ શાકોત્સવની આછી ઝાંખી થઈ હતી અને સભા મધ્યે મહંત સ્વામી આદિ સંતો દ્વારા શાકનો વઘાર કરવામાં આવ્યો હતો. જેના યજમાન પદે માધાપરના પ.ભ. રવજીભાઈ માવજી

ભુડિયા પરિવાર રહ્યા હતા. ત્યારબાદ ઈ.જી.જી સંઘના પ્રોફેસર કેશુભાઈ મોરસણિયા એ પોતાના જીવનના અનુભવો વ્યક્ત કર્યા હતા. બાદમાં સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ શ્રી નરનારાયણદેવ પ્રત્યે જેટલો ભાવ થશે એટલું દૈવત આવશે એના ઉપર મુંબઈ કાંદીવલીના ભક્તના જીવનના પરચાની વાત કરી હતી.

બપોર પછીના સત્રમાં શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજીએ ઉપદેશામૃત પત્ર અંતર્ગત સ્વભાવ મૂકીને ભગવાનનું ભજન કરશું તો ભગવાન રાજી થશે એ વાત કરી હતી, ત્યારબાદ પાર્ષદ જાદવજી ભગતે આ સત્સંગને વિકસાવવા નાના સંતો ખૂબ મહેનત કરી રહ્યા છે, તો તમે બધા સત્સંગનો વિશેષ લાભ લેજો એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. બાદ પ્રવક્તા મનોજભાઈ સોલંકીએ આપની પાસે કુદરતી ખનીજ બહુ છે તો તેનો યોગ્ય ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી ઉપર વિશેષ ધ્યાન દોર્યું હતું, ત્યારબાદ શાસ્ત્રી સ્વામી મુક્તવલ્લભ દાસજીએ આ અક્ષરજીવન દાસજી સ્વામીના કાગળને જીવ ઠેકાણે રાખી જીવન ગૌરવપૂર્વક જીવવું એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા,ત્યારબાદ પૂજય મહાપુરુષ દાસજી સ્વામી એ ભજનના મહિમાની વાત કરી હતી,સંધ્યાનિયમ બાદ શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજીએ પત્રત્રયમ્-ની કથા કરી હતી.તે દિવસે રાત્રે વાજિંત્રો સાથે મહારાસનું આયોજન થયું હતું તેમાં યુવાનો સંતો સાથે એકમેક થઈને હોંશભેર ખૂબ રાસ રમ્યા હતા.

તા.૧૩/૧૧/૨૦૨૧ના પાંચમા અને અંતિમ દિવસે પ્રાતઃપૂજા બાદ વિદ્યાર્થી સ્વામી સુખસાગરદાસજીએ વચનામૃતનું શ્રવણ કરાવ્યું હતું. ત્યારબાદ શિબિરમાં જોડાયેલ તમામ સંતો સાથે યુવાનોનો ગ્રુપ ફોટો પાડવામાં આવ્યો હતો. અલ્પાહાર બાદ સ. ગુ. સ્વામી પરમહંસદાસજીએ ઉપદેશામૃત પત્ર અંતર્ગત સ્વભાવ પ્રકૃતિથી લીધે દીધે પાંચ પચીસનો ઘાસ આવે તો પણ ભગવાનના ભક્તનો દ્રોહ ના કરવોએ સમજાવ્યું હતું.ત્યારબાદ શાસ્ત્રી સ્વામી શ્રી પ્રકાશદાસજીએ આ શિબિરના માધ્યમથી ગમે તેવી ખોટ નીકળી જાય છે અને સત્સંગમાં દિવ્યભાવ રાખવો એવી સરસ વાત કરી કરી હતી. બાદ શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી એ આરોગ્ય માટે ગૌઅર્કનો મહિમા તેમજ ફાયદા બતાવ્યા હતા. આ શિબિરમાં સંતોના કહેવાથી અનેક યુવાનો અને યુવતીઓએ પોતાના જીવનમાં રહેલા વ્યસન અને કુટેવો ભરી સભામાં છોડવાની પ્રતિજ્ઞા લીધી હતી કે હવે ક્યારેય આવી કુટેવો જીવનમાં નહીં આવે. બાદ સ્વામી પરમહંસદાસજી એ યુવક-યુવતી સભા પધ્ધતિસર થાય અને આવનારા દ્વિશતાબ્દી મહોત્સવમાં હોંશભેર ભાગ લેજો એવી ભલામણ કરી હતી અને તમામ સેવા કરનાર સંતો ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. સભા સંચાલન સ્વામી કપિલમુનિદાસજી અને શાસ્ત્રી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું. છેલ્લે તમામ શિબિરાર્થીઓ અને સંતો એકબીજાને મળી એકબીજાને વંદન કરીને છૂટા પડ્યા હતા.

યુવક મંડળ સંચાલક સંત મંડળ

**ભૂમી પૂજન - આદિપુર**

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત આદિપુર ગોલ્ડન સીટીમાં શ્રી સ્વામિનાયાણ મંદિરનું નિર્માણ કરવા માટે તા.૨૧-૧૧-૨૦૨૧ ના ભૂમિપૂજન કરવામાં આવ્યું.

સવારના વિશાળ સત્સંગ સભાનું આયોજન કરાયું. તેમાં શા. સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ સભાને સંબોધી પ્રાસંગીક ઉદ્બોધનો આપવામાં આવ્યાં હતાં. સ્વામી ભક્તિપ્રિયદાસજીએ પૂજન વિધી કરાવી હતી. જેમાં નગર પતીઓ, ટ્રસ્ટીઓ, સરપંચશ્રીઓ વડીલ ભક્તોની હાજરી હતી. પુષ્પહારોથી સન્માન કરવામાં આવ્યું હતું.

મંદિર નિર્માણની જવાબદારી સ.ગુ.સ્વામી

દેવકૃષ્ણદાસજીના મંડળને સોંપવામાં આવી હતી. સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા પાર્ષદ ખીમજી ભાગતના માર્ગ દર્શન હેઠળ બાંધકામ થશે. આ ભૂમીને પ્રસાદીના જળથી પ્રોક્ષણ કરવામાં આવી હતી. શ્રી જનમંગલ સ્તોત્રના ઉચ્ચારો કરવામાં આવ્યા. આ બાંધકામની જવાબ દારીમાં ગાંધીધામ ગુરુકુલના સંતો સાથે રહેશે. ભૂમી પૂજન ઉત્સવના અંતમાં દરેકને પ્રસાદ આપવામાં આવ્યો હતો. છેલ્લે જય જય કારની ધ્વનીઓ થઈ ઉત્સાહ પ્રેરાયો.

પુરાણી સ્વામી ભક્તિપ્રિયદાસજી

**અંજાર મંદિરે ઉત્સવોની ઉજવણી**

વિક્રમ સંવતનું નવું વર્ષ ૨૦૭૮ના આગમનને ધામધૂમથી વૈભવ પૂર્વક ઉજવવામાં આવ્યું હતું. તા. ૦૧-૧૧-૨૦૨૧ થી ૦૫-૧૧-૨૦૨૧ દરમ્યાન ધનતેરસ, કાળીચૌદશ દિવાળી તથા નૂતનવર્ષ, તા.૦૨-૧૧-૨૦૨૧ ધનતેરસના રોજ ગાયોનું પૂજન કરવામાં આવ્યું હતું. તા.૦૩-૧૧-૨૦૨૧ કાળીચૌદશના રોજ હનુમાનજીનું પૂજન, સમૂહ હનુમાન ચાલીસા ગાન, કથા-પ્રવચન, આરતી, યોજાયેલ. તા. ૦૪-૧૧-૨૦૨૧ દિવાળીના રોજ લક્ષ્મીપૂજન-ચોપડાપૂજન તથા સાંજે ભવ્યાતિભવ્ય દીપોત્સવ કરવામાં આવ્યોં હતો. જાણે દીવળામય મંદિર થયું હોય આવું રમણીય દર્શન હતું. તથા એ નોંધવું ઘટે કે તા. ૦૧-૧૧-૨૦૨૧ થી ૦૪-૧૧-૨૦૨૧ સુધી દરરોજ સવારે મંગળા આરતી પછી ૬ થી ૭ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું દિવ્ય આયોજન સંતોના સાંનિધ્યમાં રાખવામાં આવ્યું હતું. તા.૦૫-૧૧-૨૦૨૧ નૂતન વર્ષારંભના દિવસે સવારે ગોવર્ધન પૂજન બાદ સંતો, સાં.યો. બહેનો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વાનગીઓ. અન્નકૂટના રૂપમાં શ્રીઠાકોરજી આગળ ધરવામાં આવી હતી, સવારે ૯ થી સાંજે ૫ દરમ્યાન અંજાર શહેર તથા કચ્છના અનેક ભક્તોએ દર્શનનો લાભ લીધો.

**સમૂહ મહાપૂજા**

પવિત્ર પ્રબોધિની એકાદશીના દિવસે ચાતુર્માસ સમાપ્તિ પ્રસંગ તા.૧૫-૧૧-૨૦૨૧ના રોજ ૩૦૦ હરિભક્તો એઆ મહાપૂજાનો અલભ્ય લાભ લીધો હતો. શા.સ્વામી દેવનંદનદાસજી મહાપૂજા કરાવીને મહાપૂજાનું મહત્વ સમજાવ્યું હતું.

**તુલસીવિવાહ**

તા. ૧૬-૧૧નારોજ ભગવાનના લગ્ન તુલસીજીની સાથે ધામધૂમથી કરવામાં આવ્યાં હતા. સવારે મંડપારોપણમાં તુલસીજીના માંડવા સવારે ૮-૩૦ વાગે હતા તથા લાલજીમહારાજના માંડવા સવારે ૧૦-૦૦ વાગે યોજાયેલ તથા બપોરે ૪ વાગ્યે શહેરમા વરઘોડો નીકળ્યો હતો જેમાં અનેક ભક્તો જોડાયા હતા. સાંજે ધામધૂમથી લગ્નવિધિ કરવામાં આવ્યો હતો. લગ્ન બાદ દરેક ભક્તોને મહાપ્રસાદ અપાયો હતો જેના મુખ્ય યજમાન પદે વરપક્ષના યજમાન ઘનશ્યામભાઇ મનસુખભાઇ ગેડીયા ધ.પ. પીનલબેન, સુપુત્ર જયદેવ તથા સુપુત્રી જીનલબેન સપરિવાર, ભુજ તથા કન્યાપક્ષના યજમાન અ.નિ. માતૃશ્રી હેમકુવરબેન રતીલાલ વેણીરામ સોની હસ્તે રાજુભાઇ રતીલાલ સોની ધ.પ.દમયંતીબેન, પૌત્ર પરેશ, કપીલ, હાર્દિક આદી સપરિવાર, અંજાર રહ્યા હતા. લગ્નને અન્તે અંજાર મંદિરના મહંત પુ.સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, આદિ સંતોએ પધારેલા યજમાનશ્રીઓ તથા ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**શ્રી ભક્તચિંતામણી પરચા પ્રકરણ કથા**

તા. ૧૮-૧૧-૨૦૨૧ થી ૨૦-૧૧-૨૦૨૧, દરમ્યાન ૩ દિવસની શ્રી ભક્તચિંતામણી પરચા પ્રકરણ કથા કરવામાં આવી હતી. આ પારાયણના આયોજનમાં યજમાનશ્રી સાં.યો. માનબાઇ કરસનભાઇ કારા-ગોળપર યજમાન પદે રહી સેવા કરી હતી. વક્તા પદે

શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, પુ.સ્વામી દેવનંદનદાસજી, પુ. સ્વામી વ્રજવિહારીદાસજી રહ્યા હતા. મહંત પુ.સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ.ગુ.પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી, પુ. સ્વામી અદ્‌ભુતચરણદાસજી, પુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, શા. સ્વામી શાસ્ત્રીદેવચરણ દાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, પુ.સ્વામી ભક્તિવિહારીદાસજી, આદિ સંતો આશીર્વાદ પાઠવ્યા હતા, ભક્તોને પ્રસાદ અપાયો હતો.

સમગ્ર કાર્યક્રમોને સફળ બનાવવા માટે અંજાર મંદિરના કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, કોઠારી શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા પુ.સ્વામી દેવનંદનદાસજી,પુ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી,સ્વામી નિર્ભયજીવનદાસજી,સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી, સ્વામી સત્યજીવનદાસજી આદિ સંતો, તથા અંજાર મંદિરના સર્વે સાંખ્યયોગી બહેનો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળના સભ્યોએ મહાજહેમત ઉઠાવી હતી.

ઠકકર મેહુલભાઇ પ્રવિણચંદ્ર (અંજાર)

**શ્રી હનુમાનજી વંદના મહોત્સવ - અંજાર**

શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર અંજાર દ્વારા મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.શા.સ્વામી વિશ્વવલ્લભ દાસજી, સ.ગુ.પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી આદિ સંત મંડળના સાંનિધ્યમાં ભવ્યાતિ ભવ્ય "શ્રી હનુમાનજી વંદના મહોત્સવ" નું આયોજન કરવામાં આવ્યું.

તા. ૦૩-૧૧-૨૦૨૧ બુધવાર એટલે પવિત્ર કાલીચૌદસના દિવસે સાંજે ૪.૦૦ વાગ્યે યજમાન પ.ભ.શ્રી નરેન્દ્રભાઈ ચત્રભુજ સોમૈયા પરિવાર દ્વારા હનુમાનજી મહારાજનું સોડસોપચારથી પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ૪.૩૦ થી ૫.૩૦ સુધી સંતો ભક્તો દ્વારા વાજિંત્ર સહિત ૧૧ સમૂહ હનુમાન ચાલીસાનાં પાઠ કરવામાં આવ્યાં હતાં. આ વંદના મહોત્સમાં સદ્‌ભાગી થવા અને હનુમાનજી મહારાજનાં આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે અંજાર શહેરના ગાંધીધામ, આદિપુર, વર્ષામેડી- વાગડ વિસ્તારમાંથી બહુજ મોટી સંખ્યામાં ભક્તો પધારીને મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

પધારેલા ભક્તોને રામદૂત હનુમાનજી મહારાજની સાચી ઓળખાણ કરવા માટે ૫.૩૦ થી ૬.૩૦ સુધી "શ્રી હનુમંત ચરિત્ર" કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં વકતા પદે અંજાર મંદિરનાં કો.શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી રહીને સુમધુરવાણીમાં કથા સંભળાવતા કહ્યું હતું કે હનુમાનજીની ભક્તિ પતિવ્રતાપણાની ભક્તિ છે. હનુમાનજીના ઈષ્ટ રામ છે. એમનું ભજન કરે છે. પણ અનેક અવતારોની સેવા કરી છે. બસ આકાર્યથી હનુમાનજી મહારાજ દુનિયાને સંદેશ આપે છે કે તમે સેવા બધાની કરો પણ તમારી નિષ્ટા એક રાખો, ભજન એકનું જ કરો, ધ્યાન તમારા ઈષ્ટનું કરો. તો તમે તમારા ધ્યેય સુધી નિશ્ચય પહોંચી જશો. વગેરે હનુમાનજી મહારાજની ગૌરવવેતી ગાથા સંભળાવીને શ્રોતાજનોને આનંદિત કર્યા છે. તત્પશ્ચાત આ હનુમાનજી વંદના મહોત્સવમાં અંજાર સ્થિત શ્રી "રામસખી" મંદિરના મહંત કીર્તીદાસજી મહારાજ યજમાનનાં આમંત્રણને માન આપીને પધાર્યા હતા અને પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. છેલ્લે ઢળતી સંધ્યાએ ૬.૩૦ વાગ્યે સંતો યજમાન પરિવાર તથા પધારેલા ભક્તો દ્વારા શ્રી પ્રેમાનંદ સ્વામી કૃત "જય કપિ બલવંતા" સમૂહ આરતી કરવામાં આવી હતી. આરતી બાદ સંતો દ્વારા "નીતિપ્રવીણ" સ્તોત્ર દ્વારા સ્તુતિ કરવામાં આવી હતી. પધારેલા ભક્તોને સુખડી તથા ચુરમાના લાડુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

લી. કો.શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

## દિવાળી ઉત્સવો - માંડવી

માંડવી મધ્યે વિરાજમાન શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપાથી માંડવી મંદિરના મહંત સદગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદગુરુ સ્વામી હરિબળદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી દિપાવલી

તા.૦૨/૧૧/૨૦૨૧ આસો વદ બારસ થી તા.૦૫/૧૧/૨૦૨૧ કારતક સુદ એકમ સુધી નૂતનવર્ષ અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉત્સાહભેર ઉજવણી કરાઇ હતી.

તા.૦૨/૧૧/૨૦૨૧ના રોજ વાઘબારસ એવં ધનતેરસના પવિત્ર પર્વે મંડળના વડીલ સંત સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજી આદિક સંતોના વરદ હસ્તે મંદિરની ગૌશાળા મધ્યે ગાયોના શિંગડા રંગવામાં આવ્યાં હતા તથા ગાયોને પ્રભુ પ્રસાદ અર્પણ કરી સંતો- ભકતોએ ગૌપૂજન કર્યું હતું.

આજના જ સપરમાં દિને મારૂતિ યાજ્ઞનો પ્રારંભ થયો હતો. જેમાં હનુમાનજીના મંત્રોનું પવિત્ર ર ભૂદેવો દ્વારા પુશ્ચરણ સાથે મારૂતિયાગ દશાંશ હોમ કરાયો હતો. પ.ભ.શ્રી પ્રેમજીભાઈ કાનજી છભાડીયા આદિ સપરિવાર(માંડવી - ભુજ), પ.ભ. દિનેશભાઈ કુંવરજી હિરાણી દિપકભાઈ કુંવરજી હિરાણી (સુખપર રોહા-હાલે કાર્ડિફ લંડન) મારૂતીયાગના યજમાનપદે રહ્યા હતા

તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ કાળીચૌદશના પવિત્ર દિને સંતો-ભકતોની નિશ્રામાં શ્રીહનુમાનજીનું પૂજન કરી આરતી કરવામાં આવી હતી સાથે-સાથે મારૂતિયાગનું સમાપન કરવામાં આવ્યું હતું.

તા.૦૪/૧૧/૨૦૨૧ના દિપાવલીના પવિત્ર દિને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા મંદિરના પટાંગણમાં સુંદર દીપોત્સવ કરવામાં આવ્યો હતો. તેમજ સ્ત્રી ભક્તોએ રંગોળી બનાવીને સ્પર્ધાના આયોજનમાં ભાગ લીધો હતો.સ્પર્ધકો ને ૧ થી ૩ નંબર સાથે દરેકને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

૨૦૭૮ના મંગળ નૂતન વર્ષના પ્રારંભે સંતો તથા ભક્તો પરસ્પર બાથમાં ઘાલી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. પૂ. હરિબળદાસજી સ્વામીએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.ત્યારબાદ ઠાકોરજી આગળ, વિવિધ પકવાનો, ફરસાણો,ભીના થાળ વગેરે અન્નકૂટના રૂપમાં ધરાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ ૯.૩૦ કલાકે આરતી કરવામાં આવી હતી.આરતીની સેવા સંતો સાથે પ.ભ.રામભા મથરાદાસ કમ્પ્રા પરિવાર તેમજ પ.ભ. હિરજીભાઈ પ્રેમજી છભાડિયા પ.ભ. પ્રેમજીભાઈ મનજી હિરાણી આદિપરિવારે લીધો હતો.

## તુલસી વિવાહ

માંડવી મધ્યે તા.૧૫-૧૧-૨૦૨૧ સોમવારથી તા. ૨૧-૨૨-૨૦૨૧ સુધી તુલસી વિવાહની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવી હતી.

ઠાકોરજીના લગ્ન પ્રસંગનો અનેરો લાભ લેવા ચારે કાંધાના હરિભક્તો તેમજ શહેરીજનોએ પધાર્યા હતા. લાલજી મહારાજના યજમાનપદે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ- મસ્કા તેમજ તુલસીબાઈ (કન્યાપક્ષ) તેમજ પાંચ દિવસ કથા પરાયણના યજમાન સાંખ્યયોગી નાના મેઘબાઈ ફઈની પ્રેરણાથી પિતાશ્રી શિવજીભાઇ રવજી રાબડીયા ધ.પ.અ.નિ.રતનબાઇ હસ્તે સુપુત્ર પ.ભ. ભીમજીભાઇ ધ.પ.તેજબાઈ પૌત્ર દિનેશભાઈ ધ.પ. મનીષાબેન પ્રપૌત્રી માહી, ખિયા પૌત્ર અરવિંદભાઈ ધ.પ. જશુબાઈ પ્રપૌત્ર ધ્વજ પ્રપૌત્રી કિસ્વી, પૌત્ર જીતેશભાઈ ધ.પ.અનિતાબેન પ્રપૌત્રી જીયાની પૌત્ર નિખિલ ધ.પ. કંચનબેન પ્રપૌત્ર વિવિન- મસ્કા રહ્યો હતો.

એકાદશીના પવિત્ર દિને માંડવા રોપાયા હતા. દરરોજ સંતો સભા મંડપમાં વિવાહના કીર્તનો ગાયાં

હતાં. પૂનમના દિવસે ભવ્ય ઠાકોરજીની નગરયાત્રા નીકળી હતી. આ નગરયાત્રામાં સંતો પણ જોડાયા હતા. માંડવી શહેરના જાહેરમાર્ગ પર ભજન મંડળી બેન્ડવાજા તેમજ સંગીતની સુરાવલીથી અદ્ભુત દિવ્ય વાતાવરણ વચ્ચે નગરયાત્રા મંદિરમાં પ્રાંગણમાં આવેલ. યુવાનો, બાળકો, યુવતીઓ રાસ નૃત્ય રમીને ઠાકોરજીને રાજી કરી આનંદની અભિવ્યક્તિ કરી હતી.મંદિરમાં શોભાયાત્રા આવ્યા બાદ શાસ્ત્ર વિધિ મુજબ ઠાકોરજીના લગ્નવિધિ સંપન્ન થયો.

તુલસી વિવાહ પ્રસંગે પાંચ દિવસની નિષ્કુળાનંદ સ્વામી રચિત વૃત્તિવિવાહ ગ્રંથની પારાયણનું આયોજન રાખવામાં આવેલ. જેના વક્તાપદે પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ કથાનું શ્રવણ કરાવેલ.

**પંચાહ્ન પારાયણ - માંડવી**

તા. ૨૧-૧૧-૨૧ થી ૨૫-૧૧-૨૧ સુધી ગામ માંડવીના અ.નિ. પ્રેમજીભાઈ મનજી વેકરીયાની પુણ્યસ્મૃતિમાં નિષ્કુળાનંદસ્વામી રચિત ગ્રંથ વચનવિધિ પંચદિનાત્મક પારાયણનું આયોજન રાખવામાં આવેલ. જેના વક્તાપદે શા.સ્વામી આનંદમુનિદાસજી તેમજ પુ. સ્વામી દેવવિહારીદાસજી રહ્યા હતા. કથાના યજમાનપદે યજમાન ગ.સ્વ. લાલબાઈ પ્રેમજી વેકરીયા સુપુત્ર રમેશ તથા જનક રહ્યા હતા. યજમાન પરિવાર ના આમંત્રણને ભાવ સ્વીકારી ભુજ મંદિરથી સદગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, અમદાવાદ ભાટ વિશ્રાન્તી ભુવનથી પુ. સંતજીવનદાસજી પધાર્યા હતા.

કોઠારી સ્વામી સર્વમંગલદાસજી

**રત્નાસર પ્રસાદી તળાવનો દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો**

માંડવી તાલુકાના વિંગડિયા ગામમાં પ્રેવશદ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિંગડિયા ગામના રત્નાસર પ્રસાદી તળાવના શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં પ્રવેશદ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી મધાવપ્રસાદદાસજી, અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી, સ.ગુ. સ્વાામી કૃષ્ણપ્રસાદદાસજી, શ્રીહરિ તપોવન ગુરુકુળ વેકરથી સ્વામી દેવચરણદાસજી આદી નાના મોટા સંતો તથા યજમાન પરિવારના પ.ભ. ગોપાલભાઈ લાલજી વેકરીયા રામપર અને શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, અંજાર, માંડવીના સંતો અને સાં.યો. બહેનોના વાજતે ગાજતે સામૈયાથી સન્માન કરવામાં આવ્યા હતા. આ તબકકે દેવલ માતાજીના સાંનિધ્યમાં ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઢોલ શરણાઈના નાદ સાથે મહંત સ્વામીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી પ્રવેશદ્વારનું લોકાર્પણ કરીને પ્રવેશદ્વારને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. રત્નાસર તળાવનો મહિમા પણ મહંત સ્વામીએ વર્ણવ્યો હતો અને વિંગડિયા ગામમાં આટલા બધા એક સાથે મંચ પર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો પહેલી વખત જોવા મળ્યા હતા વિંગડીયા ગામના લોકો આનંદિત જોવા મળ્યા હતા અને આ આયોજનમાં વિંગડિયા મોહનદાન દેવીદાન ગઢવી, વસંતદાન, વિજયદાન, ભરતદાન, કિશોરદાન, મોહનદાન વિશ્રામ ગઢવી તેમજ નારણભાઈ ગઢવી આયોજનની વ્યવસ્થામાં રહ્યા હતા. કાર્યક્રમનનું સંચાલન સ્વામી કપિલમુનિદાસજી કર્યું હતું. જ્યારે આભાર વિધિ વસંતદાન ગઢવીએ કરી હતી.

નારણ ગઢવી

## : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

# કચ્છ કાળાતળાવ-તેરામાં શ્રીહરિ

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

શ્રીહરિ જખૌ સમુદ્રદેવને દર્શન આપી, કાળાતળાવ ભીમજી સુથારને ઘેર પધાર્યા. પાટ ઉપર બિરાજમાન થયા. ભીમજીભાઇને કહ્યું : "તેરાના હરિભક્તોને અમારી જાણ કરો." ભીમજી સુથારે તેરે માણસ મૂકી જાણ કરાવી. પછી શ્રીહરિએ હરભમ સુથારને કહ્યું : "અમારા પગમાં કાંટા બહુ વાગ્યા છે, તે કાઢો" હરભમ સુથારે શ્રીહરિનાં ચરણારવિંદને પોતાના ઢીંચણ ઉપર મૂકી અઢાર કાંટા કાઢ્યા. પછી શ્રીહરિને બાજોઠ ઉપર બેસાડી ગરમ પાણીથી અંગ ચોળી સ્નાન કરાવ્યું. નવા વસ્ત્રો ધારણ કરાવ્યા. અને ગરમાગરમ સુંદર ખીચડી ને કઢી ભાવથી જમાડી. થાળી જમી મહારાજ ઢોલીયા ઉપર બિરાજમાન થયા. સર્વે હરિભક્તો આવી ચોતરફ બેઠા.

હરિભક્તો હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા : હે મહારાજ ! "અમે તો આ સંસારમાં અજ્ઞાન વશ કેટલાય જન્મોથી જ્યાં ત્યાં ભટકતા હતા, કોણ જાણે કયા જન્મે અટકત, આજ તમે અમારા ઉપર અતિ કૃપા કરીને જેમ ગાય પોતાના વાછરડાને શોધી લે, તેમ તમે અમને શોધી લીધા, અને આપના દર્શનથી કૃતાર્થ કર્યા. અમારા ઘર પણ તમારા ચરણની રજે કરીને પવિત્ર થઇ ગયા. અમારો જન્મ પણ આજ સફળ થઇ ગયો. કયાં અમે ને ક્યા તમે કીડી કુંજરનો મેળાપ થઇ ગયો." આમ પ્રાર્થના કરે છે. ત્યાં તેરા ગામના હરિભક્તો આવ્યા. શ્રીહરિને પગે લાગી સભામાં બેઠા.

મહારાજે પૂછ્યું : "ભક્તો કેમ છો ? હરિભક્તો કહે : "મહારાજ ! તમો અર્ધી રાતે ઊઠીને ચાલી નીકળ્યા ત્યારથી અમો ખોળી ખોળીને થાક્યા પણ ક્યાંય આપ મળ્યા નહિ. પાછા પણ આવ્યા નહિ. તેથી તમારા દર્શન વિના દુઃખી હતા. અત્યારે આપના દર્શન થયાં હવે શાંતિ વળી. અંતરમાં સુખ થયું. તેરાથી ચાલીને આવ્યાનો થાક પણ સર્વે ઉતરી ગયો." શ્રી હરિએ કહ્યું : "બહુ સારું હવે અહીં જ સર્વે ભોજન કરજો"

પછી શ્રીહરિ સભામાં વાતો કરવા લાગ્યા : "ભક્તો ! આ સંસારમાં માયિક પદાર્થો ખોટા છે, નાશવંત છે, અને જીવાત્મા અજર-અમર છે. જીવાત્મા જ્યારે ભગવાનનો આશરો કરી, ભજન-સ્મરણ કરે તો અંતે ભગવાનના અક્ષરધામને પામે અને સુખી-સુખી થઇ જાય." આમ ઘણીવાર સુધી ભગવદ્ વાતો કરી. પછી ભીમજી સુથાર જમવા માટે પ્રાર્થના કરી. મહારાજ જમવા પધાર્યા. આથમણે બાર ઓરડાની ઓસરીયે જમવા બેઠા. જમી ચળુ કરી સાધુ, સત્સંગી, પાળા,હરિભક્તો સર્વેને જમાડ્યા. પછી સભામાં આવી બિરાજમાન થયા.

ત્યાં પેલો સમેજો આવ્યો. તેણે ભીમજી સુથારને પૂછ્યું : "તમારા ઘરે અલ્લા આવ્યા છે ?" ભીમજીભાઇએ કહ્યું : "ના, અમારા ઘરે કોઇ અલ્લા-બલ્લા નથી, પણ ઓલ્યા પુરુષ (મોટા સાધુ) છે." સમેજો કહે : "મને એ ઓલ્યા પુરુષના દર્શન કરાવો." ભીમજીભાઇએ શ્રીહરિના દર્શન કરાવ્યાં. દર્શન કરી, દિવ્ય આનંદની અનુભૂતિ કરી, નિશ્ચય તો પહેલાથી જ હતો. તેમણે ભીમજી સુથારને કહ્યું : "જેમને તમે સાધુ ઓળખાવો છો એ તો સાક્ષાત્ અલ્લા છે, ભગવાન છે. તે અલ્લાને તમે છાના કેમ રાખો છો ? અલ્લાની ઓળખ સર્વેને કરાવો" આમ બહુ બોલવા લાગ્યો. એટલે મહારાજે કહ્યું : "તું તારા મનમાં અમારો નિશ્ચય સમજી

રાખ, બાકી બહુ બોલ નહિ, અંતે અમે તેને તેડવા આવશું." પછી સમેજો ત્યાંથી ગયો.

શ્રીહરિ આમ ઘણા દિવસ સુધી ભીમજી સુથારને ઘેર રહ્યા. ઘણી લીલાઓ કરી, ભીમજી સુથાર, રવજી સુથાર આદિ હરિભક્તોને ઘેર નિત્ય થાળ જમી ભક્તોને રાજી કરતા. રવજી સુથાર સંસાર છોડી સાધુ થયા હતા. તેમનું નામ રામદાસ વૈદ્ય હતું.

એક દિવસ શ્રીહરિએ કહ્યું : "ઘણા દિવસ અહીં રહ્યા હવે અમો ચાલીશું " પછી ત્યાંથી ચાલ્યા, સત્સંગી સર્વે વળાવવા આવ્યા. એક ગાઉ સુધી સાથે ચાલ્યા. શ્રીહરિએ કહ્યું : "હવે પાછા વળો" ત્યારે સર્વે હરિભક્તો દંડવત્ પ્રણામ કરી પગે લાગી પ્રાર્થના કરી કે: "હે મહારાજ ! જેમ કૃપા કરીને અમને ખોળી અહીં દર્શન દેવા પધાર્યા. તેમ વહેલા ફરી પધારજો, અમારી સંભાળ લેજો."

શ્રીહરિએ કહ્યું : "ભક્તો ! અમારી મૂર્તિને યાદ કરી, આનંદમાં રહીને ભગવાનનું ભજન કરજો. અંતરમાં ભગવાનને રાખજો. જગતનો વહેવાર છે તે તો એમની મેળે જ ચાલ્યા કરશે. એમની બહુ ચિંતા કરતા નહિ. ભજન કરજો" અટલું કહી મહારાજ ત્યાંથી આગળ ચાલ્યા તે સાંજે માનકુવા પધાર્યા.

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાનમાળા :-

૧. પંચ દેવના નામ આપો ?
(અ) વિષ્ણુ - શિવ (બ) બ્રહ્મા - હનુમાન
(ક) ગણપતિ - પાર્વતી - સૂર્ય (ડ) લક્ષ્મીજી

૨. પાંચ જ્ઞાનેન્દ્રિયો નામ આપો ?
(અ) પાણિ - વાક્ (બ) શ્રોત્ર - ચક્ષુ - ઘ્રાણ
(ક) ત્વક્ - રસના (ડ) પૃથ્વી - પાયુ

૩. પંચ વર્તમાનના નામ આપો ?
(અ) ડુંગરી - લસણ (બ) માટી - અવેરી
(ક) દારૂ - ચોરી (ડ) વટલવું- વટલાવવું નહિ

૪. સ્થૂળ શરીર કેટલા તત્વનું છે ?
(અ) ૧૦ (બ) ૩ (ક) ૪ (ડ) ૫

૫. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ પાંચ શું છે ?
(અ) ઇન્દ્રિયો (બ) વિષય
(ક) પંચ પ્રાણ (ડ) પંચતન્માત્રા

૬. પંચામૃતના નામ આપો ?
(અ) દૂધ - સાકર (બ) કેશર - તુલસી
(ક) અમૃત - ગવ્ય (ડ) ઘી - મધ - દહીં

૭. પાંચ આરતીને તેના સમય સાથે જોડો ?
(૧) શયન બપોરે (૨) શણગાર સાંજના સમયે
(૩) મંગળા રાત્રે (૪) સંધ્યા સવારે
(૫) રાજભોગ, વહેલી સવારે

૮. ગાયના પંચ ગવ્યના નામ આપો ?
(અ) ઘાસ - ખાણ (બ) દૂધ - છાણ
(ક) સાકર - ગંગાજળ (ડ) ગૌમુત્ર - દહીં - ઘી

૯. પાંચ સુગંધના નામ આપો ?
(અ) કેશર - અગર (બ) ચંદન
(ક) ગુલાબ - ડોલર (ડ) કપૂર - કસ્તૂરી

૧૦. વચનામૃતના લેખક પાંચ સંતોના નામ આપો ?
(અ) બ્રહ્માનંદ સ્વામી - નિત્યાનંદ સ્વામી
(બ) શતાનંદ સ્વામી - શુકાનંદ સ્વામી
(ક) મુક્તાનંદ સ્વામી - પ્રેમાનંદ સ્વામી
(ડ) ગોપાળાનંદ સ્વામી

### -: શબ્દરચના :-

કીટી પાર્ટી :- નીચે આપેલ શબ્દો પૂર્ણ કરો.

- શરૂમાં (ગ)

૧. ગ . . . . . . (શંકર સુતનું નામ)
૨. ગ . . . . . . (છ ધામમાંથી એક)
૩. ગ . . . . . . (પ્રથમ પૂજ્ય)
૪. ગ . . . . . . (સોળ સંસ્કાર)

- બીજો અક્ષર (ગ)

૧. . . ગ . . . . (છ ભગવાળા)
૨. . . ગ . . . . (એક પુરાણ)
૩. . . ગ . . . . (ગુજરાતી મહિનો)
૪. . . ગ . . . . (મહારાષ્ટ્રનું એક શહેર)

- ત્રીજો અક્ષર (ગ)

૧. . . . . ગ . . (છ ધામમાંથી એક)
૨. . . . . ગ . . (દત્તાત્રેયના એક ગુરુ)
૩. . . . . ગ . . (ધામની પ્રાપ્તિ)
૪. . . . . ગ . . (સંતોનું સાનિધ્ય)

- છેલ્લો અક્ષર (ગ)

૧. . . . . . . ગ (એક આરતી)
૨. . . . . . . ગ (એક ધ્યાન)
૩. . . . . . . ગ (વર્તમાન યુગ)
૪. . . . . . . ગ (રામાવતારનો યુગ)

**ખાશા કરીને ગ્રાહકો માટે અગત્યની સૂચના**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે 'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવવા આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના મોબાઈલ નંબર વિના વિલંબો (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. પોસ્ટની સાથે આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.**

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

- ૨૦૧ - કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
- ૨૫૦૦ - પ.ભ.ગોવિંદભાઈ ખીમજી પિંડોરીયા અ.નિ. સ.ગુ.સ્વામી ભક્તિવલ્લભદાસજીની પૂણ્યસ્મૃતિમાં તથા વાડીના વાસ્તા પ્રસંગે- કમ્પાલા
- ૧૫૦ - નાનજીભાઈ ધનજી પિંડોરીયા ઈલેટ્રિક મોટરસાઈકલ લીધી - સુખપર રોહા
- ૫૦૦ - નૈતિક તથા હિતેશ હિરાણી તથા મૈત્રી હિતેશ હિરાણી જન્મ દિવસ નિમિત્તે - ભક્તિનગર
- ૨૫૦ - ગોંવિદભાઈ કિશોરભાઈ પોતાની વાડીમાં બોર કર્યો - સુખપર
- ૫૦૦ - કાનજીભાઈ માવજી નાકરાણી દિવાળી ના પ્રસંગે - અંજાર
- ૨૦૨ - પૂર્વ કોઠારી રવજીભાઈ માવજી ભુડીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - માધાપર
- ૧૫૦ - ભાવનાબેન ઠક્કર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - મુંબઈ
- ૫૦૧ - પરેશભાઈ વિશ્રામ વેકરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
- ૩૦૦ - કિશ્ના હસ્મીત જન્મદિવસ નિમિત્તે - બળદિયા
- ૨૦૦ - રાજેશભાઈ મુળજી વેકરીયા બેબીના જન્મ થયો તે નિમિત્તે - સુરજપર
- ૨૫૧ - નીતાબેન ધનજી રાબડીયા જન્મદિવસ નિમિત્તે - કેરા
- ૧૫૧ - રાધિકા, શ્રેયા, રુદ્ર તથા યશ સારા માર્કસથી પાસ થયા તે નિમિત્તે - કાન્જાચોરા
- ૨૫૧ - પ્રકાશભાઈ જગદિશ ભગત નવી દુકાન ચાલુ કરી (દિવ્ય ઉલ્ટ્રોનિક) - નાના અંગીયા
- ૨૦૦ - નીતાબેન કલ્યાણ ભુડિયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
- ૫૦૧ - શ્રી નરનારાયણદેવ કંસ્ટ્રકશન શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - કોડકી

## નૂતન વર્ષારંભે ઠાકોરજીને ધરાવવામાં આવેલ વિવિધ થાળ, રંગોળી સ્પર્ધા મારુતિયાગ તથા તુલસી વિવાહ વગેરેના વિશિષ્ટ આયોજનો - માંડવી











## અઢારમી સત્સંગ શિબિર દરમિયાન શાકોત્સવ, પ્રભાતફેરીના બેનર, યુવકસભામાં વાચવા માટે પુસ્તક વગેરેનું વિમોચન તથા થાળ તૈયાર કરનાર હરિભક્તો - ભુજ







RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2021/UPTO 31-12-2021

# કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંગળની ૧૮મી સત્સંગ શિબિર-ભુજ

